**સુવિચાર**

''સ્વાર્થ જ્યાંથી પૂરો થાય છે, માણસાઈ ત્યાંથી શરૂ થાય છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૮/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ-૧ વર્ષ : ૧૭ અંક : ૨૦૬


## મુખ્યમંત્રીનું આગમન શહેરમાં થવાનું હોવા છતાં પણ ઠેર-ઠેર ગંદકીનાં ગંજ ખડકાયા

# અમરેલી પાલિકાનાં મહિલા પ્રમુખ અધિકારીઓ સામે લાલઘુમ થયા

**પાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાએ રાત્રિનાં સમયે વ્યાયામ મંદિરમાં આકસ્મિક ચકાસણી કરી**

**જ્યાં ઠેકઠેકાણે ગંદકી નજરે ચડતાં તેઓએ ચીફ ઓફિસરને ઉગ્ર રજૂઆત કરી**

**પ્રમુખે પાલિકાનાં કમિશનરને પણ મોબાઈલ દ્વારા સઘળી હકીકતો જણાવી**

**જો પાલિકા પ્રમુખની સુચનાને ગંભીરતાથી લેવાતી ન હોય તો આમ નાગરિકની શું પરિસ્થિતિ હશે**









અમરેલી, તા. ૧૨

અમરેલી શહેરમાં ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીની તૈયારીઓ વચ્ચે પાલિકાની સફાઈ વ્યવસ્થાને લઈને અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલી માંગરોળિયાનો આક્રોશ સામે આવ્યો છે. મુખ્યમંત્રીના સંભવિત રૂટ સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં રિયાલિટી ચેકિંગ દરમિયાન કચરાના ઢગલા અને ગંદકી જોવા મળતા પાલિકા પ્રમુખે સ્થળ પર જ અધિકારીઓને ખખડાવ્યા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં પાલિકાની સફાઈ કામગીરીને લઈને ચર્ચા શરૂ થઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીની તૈયારીઓના ભાગરૂપે શહેરમાં સફાઈ સહિતની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન મુખ્યમંત્રીના રૂટ ચિતલ રોડ ઉપર જ કચરાના ઢગલા અને ગંદકી જોવા મળતાં પાલિકા પ્રમુખ વૈશાલી

અનુસંધાન પાના ૬ ઉપર

### ખોડિયાર મંદિર નજીકની ઘટના

# બાબરાનાં ઘુઘરાળા ગામે શ્વાનનાં હુમલામાં કાળિયારનું મોત થયું

**વન વિભાગે કાળિયારનું પીએમ કરાવી અગ્નિસંસ્કાર કર્યા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૨

બાબરા તાલુકાનાં ઘુઘરાળા ગામે ખોડિયાર મંદિર નજીક શ્વાનનાં હુમલાનાં કારણે એક કાળિયારનું મોત થતાં વન્યપ્રાણી પ્રેમીઓમાં ચિંતા જોવા મળી હતી. ઘટનાની જાણ થતાં બાબરા ફોરેસ્ટ વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

વન વિભાગ દ્વારા કાળિયારનાં મૃતદેહને કબજામાં લઈ પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ નિયમ મુજબ મૃતદેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીયછે કે, આ જ આંબલીધાર વિસ્તાર ખાતે અગાઉ કાળિયારનાં ઈનફાઈટનો વીડિયો પણ સામે આવ્યો હતો. આ વિસ્તાર જંગલ પ્રદેશ હોવાથી અહીં મોટી સંખ્યામાં કાળિયાર સહિતનાં વિવિધ વન્યપ્રાણીઓ વસવાટ કરતા અને જોવા મળતા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

આ અંગે બાબરા ફોરેસ્ટનાં આર.બી. કેશરીયાએ જણાવ્યું હતું કે, અગાઉ પણ આ વિસ્તારમાં કાળિયારનાં બચ્ચા પર શ્વાન દ્વારા હુમલો કરી તેનો શિકાર કરવાનો પ્રયાસ થયો હતો. કાળિયાર શેડયૂલ વન્યપ્રાણીમાં આવતું હોવાથી આ વિસ્તારનું પર્યાવરણીય મહત્વ પણ વિશેષ છે.

હાલ કાળિયારનો મેટિંગ પિરિયડ ચાલી રહ્યો હોવાથી મોટી

અનુસંધાન પાના ૬ ઉપર

### સાવરકુંડલામાંથી ૨ વેપારી પાસેથી ૭.૯ કિલો એનાલોગ પનીર ઝડપાયું

# અમરેલી જિલ્લામાં પ્રતિબંધિત ''એનાલોગ'' પનીર વેચાણ બંધ કરવાની વિક્રેતાઓને ઉતાવળ નથી

**નફાખોરો, સંગ્રહખોરો અને મિલાવટખોરોને જન આરોગ્યની કોઈ ચિંતા નથી**



અમરેલી, તા. ૧૨

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના હેઠળ અમરેલી જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળની પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે અમરેલી એસઓજી ટીમે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એનાલોગ પનીરનું વેચાણ કરતા બે વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ અમરેલી એસઓજી ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ટીમને મળેલી બાતમીનાં આધારે સાવરકુંડલા શહેરનાં મુખ્ય બજાર વિસ્તારમાં ફૂડ એન્ડ સેફટી ઓફિસરને સાથે રાખી ડેરી પ્રોડકટનું વેચાણ કરતી બે દુકાનોમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં જલારામ બેકરીમાંથી ૬.૮ કિલો તથા ઈલોરા બેકરીમાંથી ૧.૧ કિલો, એમ કુલ ૭.૯ કિલો એનાલોગ પનીરનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસ તપાસ દરમિયાન મળી આવેલા આ શંકાસ્પદ ખાદ્ય પદાર્થનાં જથ્થા અંગે સાવરકુંડલા ખાતે રહેતા મોન્ટુભાઈ સુરેશભાઈ ગણાત્રા

અનુસંધાન પાના ૬ ઉપર


ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. અંકિત માકડિયા — ગેસ્ટ્રોલોજીસ્ટ એન્ડ હિપેટોલોજીસ્ટ
પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત
તા. ૧૩/૦૮/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૮:૩૦ થી ૧૨

ડો. અલ્પેશ કિકાણી — હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ
લોહી તથા કેન્સરના રોગોના નિષ્ણાંત
તા. ૧૪/૦૮/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૫:૩૦

ડો. આકાશ માકડીયા — પેડિયાટ્રિક ઓર્થો સર્જન
બાળકોના હાડકાના રોગોના નિષ્ણાંત
તા. ૧૪/૦૮/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૪:૩૦ થી ૬

ડો. જીગર પટેલ — પીડીયાટ્રીક સર્જન
નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન
તા. ૧૪/૦૮/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬

ડો. સાગર બરાસરા — એન્ડોકાઈનોલોજીસ્ટ
ડાયાબિટીસ, થાઈરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત
તા. ૧૫/૦૮/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૨

(જુના ટેસ્ટ રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪

ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ)
ડો. કોમલ વ્યાસ ઉનડકટ




naari HOSPITAL હોસ્પિટલ

આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે

મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)

આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સએપ કરવું અથવા રૂબરૂ મળવું

naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com



# નેવાના પાણી મોભારે ચડયાં : જિલ્લાના ૪ ડેમ, ૪૦ તળાવો અને ૩૨૪ ચેકડેમમાં 'નર્મદા' વહી...






આલેખન : રોહિત ઉસદડ–અમરેલી

અમરેલી જિલ્લો પાણીની તંગી, ખારા પાણી અને દુષ્કાળની છાયાથી ઝઝૂમતો રહ્યો છે.પરંતુ હવે તેનું જળચિત્ર બદલાઈ રહ્યું છે. જનભાગીદારીથી જળસંચયનાં કાર્યોમાં અમરેલીએ સમગ્ર રાજયને પ્રેરણા પૂરી પાડી છે, તો ગુજરાત સરકારના દૂરંદેશીપૂર્ણ અને સુઆયોજિત આયોજનથી આજે આ જિલ્લામાં 'સૌની યોજના' થકી નર્મદાના નીર વહી રહ્યા છે.રાજય સરકારે અમરેલીની દાયકાઓ જૂની પાણીની સમસ્યા પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરીને સજ્જ આયોજન સાથે અમરેલીને પાણીદાર બનાવવાની નેમ સાકાર કરી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી દ્રષ્ટિના પરિણામે અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રની પાણીની ખાધ પૂરી કરવા માટે 'સૌની– સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરિગેશન યોજના' મારફતે જળચિત્ર બદલાઈ રહ્યું છે. આ સંદર્ભમાં અમરેલી સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર હિરેન વાજા કહે છે કે, અમરેલી જિલ્લામાં કાયમી ધોરણે પાણીની સમસ્યાનો ઉકેલ આવે તે માટે લાંબા ગાળાના આયોજન સાથે જુદી જુદી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી હતી. તેના આજે સારા પરિણામો પણ મળી રહ્યા છે.ખાસ કરીને તત્કાલીન મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી દ્રષ્ટિના પરિણામે શરૂ થયેલી 'સૌની યોજનાના હવે પ્રત્યક્ષ પરિણામો મળી રહ્યા છે. અમરેલી જિલ્લામાં 'સૌની યોજના' દ્વારા છેલ્લા બે વર્ષમાં ૪ ડેમ, ૪૦ તળાવો અને ૩૨૪ ચેકડેમમાં કુલ ૩૬૮૩ એમ.સી.એફ.ટી. પાણી પહોંચાડવામાં આવ્યું છે.જિલ્લામાં સૌની યોજનાની લિંક–૨ હેઠળ ધાતરવડી–૧ અને ૨, રાયડી અને સુરજવડી, જયારે લિંક–૪ હેઠળ વડી, ઠેબી, ખોડિયાર, મુંજીયાસર, શેલદેદુમલ, ઘેલો ઈતરીયો અને સાંકરોલી ડેમ આવરી લેવાયા છે. સૌની યોજનાની લિંક–૨ અને લિંક–૪ના કુલ પાંચ પેકેજ અમરેલી જિલ્લામાં આવેલા છે, જેનાથી અમરેલી જિલ્લાના બાબરા, કુંકાવાવ, અમરેલી, રાજુલા, ખાંભા, ધારી અને સાવરકુંડલા તાલુકાના વિસ્તારોમાં સિંચાઈ માટે વખતોવખત સૌની યોજના મારફતે નર્મદાનું પાણી આપવામાં આવે છે. અમરેલી જિલ્લાના ગામોને તેનો બહોળો સિંચાઈનો લાભ મળે છે. તેમણે જણાવ્યું કે, બે દાયકા અગાઉ લાઠી– લીલીયા પંથકનાં ગામોના ભૂગર્ભજળ ફ્લોરાઈડ તથા નાઈટ્રેટથી પ્રભાવિત હતાં, જયારે રાજુલા, જાફરાબાદ અને સાવરકુંડલા તાલુકાના ગામોમાં ખારાશનું પ્રમાણ હોવાથી ભૂગર્ભજળ પણ ખારૂ હતું. આ વિસ્તારોમાં સમયની સાથે કૃત્રિમ સરોવરો, સરકારી જળસંચય યોજનાઓ આધારિત ચેકડેમ તથા વરસાદી પાણીના સંગ્રહને લીધે ભૂગર્ભજળની ગુણવત્તામાં સુધારો થયો છે.આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, લાઠી–લીલીયા વિસ્તારમાં ગાગડિયો નદીને પણ જનભાગીદારીથી પુનર્જીવિત કરવામાં આવી છે. રાજય સરકારે ધોળકિયા ફાઉન્ડેશન સાથે મળીને આ ભગીરથ કાર્ય કર્યુ છે. આ માટે રાજય સરકાર દ્વારા ૮૦ ટકા અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ૨૦ ટકા અનુદાન દ્વારા આ યોજના સાકારિત થઈ છે. તેનો ખૂબ મોટો લાભ આ વિસ્તારના ખેડૂતોને પણ મળી રહ્યો છે.ઉપરાંત, લાઠી તાલુકામાંથી પસાર થતી પીપળીયા નદીને ઊંડી અને પહોળી કરવાનું કામ પણ રાજય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા લોકભાગીદારીથી ૮૦:૨૦ના ધોરણે પ્રગતિ હેઠળ છે. આ કામથી પણ નદીની સંગ્રહ ક્ષમતામાં વધારો થશે અને ખેડૂતોને પરોક્ષ સિંચાઈનો લાભ પણ મળશે. તેમણે ઉમેર્યુ કે, વરસાદી પાણીના સંગ્રહ માટે લોકોમાં વિશેષ જાગૃતિ આવી છે. જિલ્લાના અન્ય ગામોમાં પણ વરસાદી પાણીના સંગ્રહ માટે ચેકડેમ, તળાવો બાંધવા માટે શ્રેષ્ઠીઓ પણ આગળ આવ્યા છે. **સૌની યોજના :** નર્મદાનું સમુદ્રમાં વહી જતું પાણી સૌરાષ્ટ્રની નદીઓમાં પહોંચ્યું. સૌરાષ્ટ્ર વિસ્તારમાં સદીઓથી પાણીની અછત પ્રવર્તતી રહી છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં મહદંશે પથરાળ તેમજ ખૂબ જ ટૂંકી લંબાઈ ધરાવતી નદીઓ વહે છે, જેને પરિણામે કોઈપણ નદી બારેમાસ કુદરતી રીતે પાણીનું વહન કરતી નથી. ઉપરાંત, આ વિસ્તારમાં થતો અનિયમિત વરસાદ પાણીની ઉપલબ્ધતાની અનિશ્ચિતતામાં વધારો કરે છે. જેને સંતુલિત કરવા નર્મદા ડેમનું જે પાણી સમુદ્રમાં વહી જતું હતું, તેનો રાજય સરકારે સૌરાષ્ટ્ર વિસ્તારની પાણીની સમસ્યાને હલ કરવા માટે ઉપયોગ કરવાનું આયોજન કર્યુ અને સૌની યોજના ઘડી હતી, જે આજે સાકાર થઈ છે. નર્મદાના પાણી સૌરાષ્ટ્ર વિસ્તારમાં પહોંચ્યાં છે. પાણીનો ઓછો જથ્થો ઉપલબ્ધ ધરાવતી સૌરાષ્ટ્રની નદીઓના બેઝિનમાં નર્મદાનું પાણી લાવી, આ બેઝિનના આંતરજોડાણ થકી તમામ મુશ્કેલીઓને પહોંચી વળવા નર્મદાના પૂરનાં વધારાનાં પાણી પૈકી એક મિલિયન એકર ફીટ પાણી (૪૩,૫૦૦ મિલિયન ઘનફૂટ) સૌરાષ્ટ્ર વિસ્તારને ફાળવી, સૌરાષ્ટ્ર નર્મદાઅવતરણ ઈરિગેશન યોજના– **SAUNI**નું આયોજન કરવામાં આવ્યું હતું.

### ક્રાઈમ બ્રાન્ચનાં પી.આઈ.નાં માર્ગદર્શનતળે

## અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા નાસતા ફરતા આરોપીની અટકાયત

### ગાંધીનગર ખાતેથી અટકાયત કરાઈ



અમરેલી, તા. ૧૨




અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કવોર્ડ ટીમને હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સોર્સ મારફતે બાતમી મળેલ કે ખાંભા પોલીસ સ્ટેશનના બીએનએસ કલમ ૩૧૭ (૨), ૩૧૭ (૪) મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી દિપકભાઈ જગદીશભાઈ ખત્રી (રહે. સુઈગામ, જિ.બનાસકાંઠા) ગાંધીનગર ખાતે હોવાની સચોટ બાતમી હકીકત મળતા પેરોલ ટીમ ગાંધીનગર ખાતે જઈ આરોપીને એન્ટેલીયા એપાર્ટમેન્ટ, રીધમ હોસ્પિટલ, રાયસણ, ગાંધીનગર ખાતેથી હસ્તગત કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા સારૂ ખાંભા પોલીસને સોંપી આપવા તજવીજ કરેલ છે.

દિપકભાઈ જગદીશભાઈ ખત્રી નામના આરોપીએ આશરે દસેક માસ પહેલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના અવધ ચેરીટેબલ ટ્રસ્ટ વાળા ખાતાનો ઉપયોગ કરી સાયબર ક્રાઈમથી થતી છેતરપીંડીના રૂપિયા તે બેંક એકાઉન્ટમાં જમા કરી–કરાવી તે રૂપિયા સાયબર ક્રાઈમ ફ્રોડ હોવાનુ જાણવા છતાં એકાઉન્ટમાં મેળવી સગેવગે કરેલ. જે બાબતે ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાય હતી. જે ગુન્હાના કામે આ આરોપીનુ નામ ખુલવા પામેલ હતું અને તે આરોપી આજદિન સુધી નાસતો ફરતો હતો.

### પોસ્ટ વિભાગની ''સ્પીડ પોસ્ટ'' સેવા ''લો સ્પીડ'' જેવી બની

## લ્યો બોલો : કોડિનારનાં ડોળાશાથી સ્પીડ પોસ્ટથી મોકલાયેલ કવર ૧૦ દિવસે અમરેલી સુધી પહોંચ્યું

### રૂપાળા નામ રાખવાને બદલે સાદા નામ રાખીને સેવાની ઝડપ વધારો

અમરેલી, તા. ૧૨

દેશવાસીઓને અવારનવાર જુદી–જુદી સરકારી વિભાગોનાં કડવા અનુભવ થતાં હોય છે અને વર્તમાન સમયમાં સરકારની અનેક સેવાનાં નામ રૂપાળા લાગી રહ્યા છે પરંતુ, સેવાની હાલત દયનીય હોય છે અને આવી એક વિગત પોસ્ટ વિભાગની સામે આવી છે.

વિગત એવા પ્રકારની છે કે, કોડિનારનાં ડોળાસા ગામેથી મનિષભાઈ પંડયાએ એક ડોકયુમેન્ટ ભરેલ કવર ૧લી ઓગષ્ટનાં રોજ અમરેલી ખાતે સ્પીડ પોસ્ટથી રવાના કરેલ. જે અમરેલી ખાતે નિર્ધારિત સ્થળે ૧૦ ઓગષ્ટે પહોંચતા ભારે આશ્ચર્ય ફેલાયું છે.

હવે, પ્રશ્ન એ ઉપસ્થિત થયો છે કે, અમરેલીથી ડોળાસા વચ્ચેનું અંતર ૧૨૫ કિ.મી. આસપાસ હોય શું આ કવર પદયાત્રા કરીને અમરેલી આવ્યું હશે કે કોઈ વાહનમાં તે સમજી શકાતું નથી.

### જિલ્લા તંત્રી સંઘનાં પ્રમુખ હિંમત સરખેદીએ તપાસની કરી માંગ

## અમરેલીનાં સમર્થ વ્યાયામ મંદિરનાં પ્રમુખ અને કર્મચારી સામે ભ્રષ્ટાચારનાં આક્ષેપોથી ચકચાર

### દર વર્ષે લાખો રૂપિયાની આવક થતી હોય ગોલમાલની આશંકા દર્શાવી

અમરેલી, તા. ૧૨

લોક કલ્યાણ અને શારીરિક ઘડતરનાં નામે ચાલતા જાહેર ટ્રસ્ટમાં ગંભીર નાણાકીય ગેરરીતિઓ આચરાતી હોવાના આક્ષેપ સાથે અમરેલીમાં ભારે સળવળાટ મચી ગયો છે. ચિત્તલ રોડ પર આવેલા અને સરકારી ચોપડે રજિસ્ટર્ડ (નંબર ઈ/૨) સમર્થ વ્યાયામ મંદિર ટ્રસ્ટ (અખાડા) માં ચાલતા કથિત નાણાકીય ભ્રષ્ટાચાર, ગેરવહીવટ અને નાણાકીય ઉચાપતનાં આક્ષેપો સાથે અમરેલી જીલ્લા તંત્રી સંઘનાં પ્રમુખ હિંમતલાલ સરખેદીએ મોરચો માંડયો છે. તેમણે અમરેલીનાં સહાયક ચેરિટી કમિશનર સમક્ષ સત્તાવાર રીતે એક ધડાકેદાર લેખિત ફરિયાદ નોંધાવતા ભ્રષ્ટ રીતરસમો આચરનારાઓમાં ભારે કંપારી છૂટી ગઈ છે.

રજૂઆત અનુસાર, દરરોજ અંદાજે ૫૦૦થી વધુ નાગરિકો, યુવાનો અને રમતવીરો જે મેદાનનો ઉપયોગ કરે છે, તેમની પાસેથી દૈનિક ૮, માસિક ૨૦૦ અને વાર્ષિક ૨૦૦૦થી ૩૬૦૦ સુધીની રકમ વસૂલવામાં આવે છે. આ રીતે વાર્ષિક લાખો રૂપિયાની આવક થતી હોવા છતાં તેનો કોઈ પારદર્શક હિસાબ રાખવામાં આવતો નથી કે, નથી સત્તાવાર રસીદો આપવામાં આવતી. ફરિયાદમાં ગંભીર આક્ષેપ કરાયો છે કે, પ્રમુખ એમ.કે. સાવલિયા અને કર્મચારી નીલ પ્રફુલભાઈ મહેતા દ્વારા સંસ્થાનાં બદલે પોતાના ખાનગી બેંક ખાતાઓ અને વ્યક્તિગત કયુઆર કોડનો ઉપયોગ કરીને જાહેર નાણાં સીધા પોતાના અંગત લાભ માટે વાળવામાં આવી રહ્યા છે. આ અંગેનાં અકાટય પુરાવા રૂપે નીલ મહેતાના ખાતામાં ગયેલી વાર્ષિક ફીની ટ્રાન્સફર રસીદો પણ ચેરિટી કમિશનર સમક્ષ રજૂ કરી દેવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણમાં ચેરિટી કમિશનર કચેરી સમક્ષ મુંબઈ જાહેર ટ્રસ્ટ અધિનિયમ હેઠળ નિયમિત હિસાબ અને ઓડિટ ન રાખવા બદલ તથા ટ્રસ્ટની નૈતિક અને કાયદાકીય ફરજોનો ભંગ કરવા બદલ જવાબદારો સામે તાત્કાલિક કડક પગલાં ભરવા માંગ કરાઈ છે. રજૂઆતમાં સ્પષ્ટ જણાવાયું છે કે, ગેરવહીવટ કરનારા ટ્રસ્ટીઓને તાત્કાલિક અસરથી હોદ્દા પરથી દૂર કરી સસ્પેન્ડ કરવામાં આવે અને ટ્રસ્ટની સંપત્તિ તથા જાહેર નાણાં સુરક્ષિત કરવા માટે સ્પેશિયલ ઓફિસર કે એડમિનિસ્ટ્રેટરની નિમણૂક કરવામાં આવે. આ ઉપરાંત, જાહેર નાણાંની ઉચાપત, વિશ્વાસઘાત અને છેતરપિંડી બદલ કટોકટીનાં ધોરણે ફોજદારી ગુનો નોંધી નિષ્પક્ષ તપાસ થાય તેમજ આવકવેરા કાયદા અને જીએસટીનાં સ્પષ્ટ ભંગ બદલ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે.

જાહેર હિતમાં કરાયેલી આ સણસણતી ફરિયાદની સત્તાવાર નકલ ભાવનગર સંયુક્ત ચેરિટી કમિશનર તેમજ રાજયનાં કાયદા અને ન્યાયતંત્ર મંત્રી કૌશિકભાઈ વેકરીયા સુધી પહોંચાડી દેવામાં આવતા વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ છે. લિખિત પુરાવાઓ સાથે થયેલી આ આક્રમક રજૂઆત બાદ હવે તંત્ર કયારે જાગે છે અને જાહેર મિલકતના નામે ચાલતી કથિત ગેરરીતિઓ સામે ચેરિટી કમિશનર કેવા દંડાત્મક પગલાં ભરે છે તેના પર સમગ્ર જિલ્લાની નજર ટકેલી છે.

### સ્વંતત્ર્યતા દિવસના પાવન અવસરે

## અમરેલી : સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ અને મોટા બસ સ્ટેન્ડ વેપારી એસો.દ્વારા શનિવારે રકતદાન કેમ્પ યોજાશે

### શીતલ કુલ પ્રોડકસ અને લાયન્સ કલબ અમરેલીનો સહયોગ રહેશે

અમરેલી, તા. ૧૨

સ્વતંત્રતા દિવસના પાવન અવસરે સમાજસેવા અને માનવતાના મહાન સંદેશને સાકાર કરવા શીતલ કૂલ પ્રોડકટ્સ લીમીટેડ, DJBS Foundation શીતલ સેવા ટ્રસ્ટ, લાયન્સ ક્લબ ઓફ અમરેલી, અમરેલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તથા મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫/૦૮/૨૦૨૬, શનિવારના રોજ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

રક્તદાનએ માત્ર એક સામાજિક સેવા નથી, પરંતુ કોઈ અજાણ્યા જરૂરિયાતમંદ વ્યક્તિને જીવનદાન આપવાનું પવિત્ર કાર્ય છે. અકસ્માતના દર્દીઓ, પ્રસૂતિ દરમિયાન રક્તની જરૂરિયાત ધરાવતી માતાઓ,થેલેસેમિયા સહિતની વિવિધ બીમારીઓથી પીડાતા દર્દીઓ તથા અન્ય ગંભીર પરિસ્થિતિમાં રહેલા દર્દીઓ માટે રક્ત અત્યંત મહત્વપૂર્ણ બની રહે છે.

આ માનવતાભર્યા અભિયાનને સફળ બનાવવા માટે અમરેલી શહેર તથા આસપાસના વિસ્તારના યુવાનો, વેપારીઓ, ઉદ્યોગકારો, કર્મચારીઓ, સામાજિક કાર્યકરો તથા તમામ રક્દાતાઓને મોટી સંખ્યામાં જોડાવા માટે હાર્દિક અપીલ કરવામાં આવે છે.

એક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલું રક્તદાન અનેક લોકો માટે આશાનું કિરણ બની શકે છે. આપણું આપેલ રક્ત કોઈના પરિવારની ખુશી પરત લાવી શકે છે અને અમૂલ્ય જીવન બચાવી શકે છે.

આથી, રક્તદાન કરો જીવનદાન આપો ના સંદેશ સાથે તમામ નાગરિકોને આ રક્તદાન કેમ્પમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા અને અન્ય લોકોને પણ રક્તદાન માટે પ્રેરિત કરવા અનુરોધ કરવામાં આવે છે.

## અમરેલી : પોલીસ મહાનિરીક્ષકના અધ્યક્ષ સ્થાને પોલીસ પરેડ કાર્યક્રમનું સફળ રિહર્સલ યોજાયું



અમરેલી, તા. ૧૨

આગામી ૧૫મી ઓગસ્ટના રોજ અમરેલીની પવિત્ર ધરા પર આયોજિત ૮૦મા રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય અને ઐતિહાસિક ઉજવણીની તમામ તૈયારીઓ આખરી તબક્કામાં છે, ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ રાજય મહોત્સવને ક્ષતિરહિત અને ભવ્ય બનાવવા માટે સત્તાવાર તૈયારીઓનો ધમધમાટ શરૂ છે.

આજરોજ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્ર વી. અસારીના અધ્યક્ષ સ્થાને અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ધ્વજ વંદન અનેપોલીસ પરેડ મુખ્ય કાર્યક્રમનું બીજું રિહર્સલ આયોજનબદ્ધ રીતે યોજવામાં આવ્યું હતું. રાજયકક્ષાના આ મુખ્ય ઉત્સવની ગરિમા જળવાઈ રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા લાઈન ટુ લાઈન મોનિટરિંગ કરીને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

આ દ્વિતીય સત્તાવાર રિહર્સલ કાર્યક્રમ અંતર્ગત રીયલ ટાઈમ શેડ્યુલ મુજબ ધ્વજ વંદન, પોલીસ પરેડ, ગુજરાત પોલીસ મહિલાઓની વિવિધ કૃતિઓ, અને અન્ય સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

જેમાં અમરેલીની વિદ્યાસભા સ્કૂલના વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક કૃતિ, ગુજરાત પોલીસ અને જેલ પોલીસની મહિલા રાઈફલ ડ્રીલ, યોગની વિવિધ મુદ્રાઓની પ્રસ્તુતિ, ડોગ–શો, બાઈક સ્ટંટ શો, 'માઉન્ટેડ અશ્વ–શો અને 'ટેન્ટ પેગીંગ સહિતના કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્ર વી. અસારીએ મુખ્ય ધ્વજ વંદન સ્થળ અને પોલીસ પરેડ કાર્યક્રમ સ્થળે સુરક્ષા, બેઠક વ્યવસ્થા અને તમામ સેટઅપની આખરી તૈયારીઓની ઝીણવટભરી સમીક્ષા પણ કરી હતી. સુચારૂ વ્યવસ્થા ગોઠવવા માટે સબંધિત અધિકારીઓને સ્થળ પર જ માર્ગદર્શન પૂરૂ પાડયું હતું અને દિશાનિર્દેશો આપ્યા હતા.

મુખ્ય કાર્યક્રમ પૂર્વે યોજાનારી પ્રિ–ઈવેન્ટ્સ જેવી કે,૧૩ ઓગસ્ટના રોજ સવારે યોજાનાર ભવ્ય 'તિરંગા યાત્રા અને રાત્રે યોજાનાર 'રંગ કસુંબલ લોક ડાયરાની સજજતા માટે પણ તૈયારીઓ આખરી તબક્કામાં છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## ગામનાં ખેડૂતને સત્તા પક્ષનાં આગેવાન પરેશાન કરતા હોવાનો આક્ષેપ

# સાવરકુંડલાનાં ખોડિયાણાનાં ગ્રામજનોમાં નારાજગીનો માહોલ

**ખેડૂતની વડીલોપાર્જિત જમીન ખાલી કરવાની ધમકી અપાતી હોવાથી જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું**

**ખેડૂત સામે સત્તા પક્ષનાં આગેવાને લેન્ડગ્રેબિંગ હેઠળ ખોટી રીતે અરજી કર્યાનું જણાવાયુ**

**સ્થાનિક કક્ષાએ ન્યાય ન મળતાં મોટી સંખ્યામાં ખેડૂતો કલેકટર કચેરીએ પહોંચ્યા**

**ન્યાય ન મળે તો મુખ્યમંત્રી સમક્ષ ફરિયાદ કરવાનું પણ ગ્રામજનો વિચારી રહ્યા છે**






અમરેલી, તા. ૧૨

સાવરકુંડલાનાં ખોડિયાણા ગામનાં ખેડૂતની વડીલો પાર્જિત જમીન ખાલી કરવાની ધમકી સત્તા પક્ષનાં આગેવાને આપીને લેન્ડ ગ્રેબિંગ કરવાની અરજી આપતાં ખેડૂતનાં સમર્થનમાં ગ્રામજનોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમારા ગામનાં ખાતેદાર ખેડૂત સુરગભાઈ રામભાઈ ધાધલ કે જેઓ પાસે પેઢી દરપેઢીથી વડિલો પાર્જિત કબ્જાવાળી મળેલ ખેતીની જમીન છે અને તેની ચતુર્સિમાં પૂર્વે-નેવડુ, પશ્ચિમે ધનજીભાઈ શંભુભાઈ કાકડીયાની ખેતીની જમીન, ઉત્તરે નેવડુ અને રસ્તો તથા દક્ષિણે ભનુભાઈ વાલજીભાઈ કાછડીયાની ખેતીની જમીન આવેલ છે. જે. સ્વ. રાધાબેન સાર્દુળભાઈ ખુમાણ, સ્વ. સાર્દુળભાઈ ખુમાણના પિતા અને તેના પિતાના ઉત્તરોત્તર કબ્જા અન્વયે વડીલો પાર્જિત કબ્જા અન્વયે વાવે તેની જમીન કાયદા વખતથી પ્રાપ્ત થયેલ આ જમીન છે. જેમાં વેચાણ આપનાર લાખાભાઈ ખોડાભાઈ ચાંદુ રહે. આદસંગવાળાને કોઈ હકક પ્રાપ્ત થતો નથી. આ જમીન જે સ્થિતિમાં મળેલ છે તેમાં કોઈ ફેરફાર કરેલ નથી. એટલે આ જમીન સરકારી જમીન હોવાનો કે અન્ય કોઈની જમીન હડપ કરવાનો સવાલ ઉપસ્થિત થયો નથી.

વધુમાં જણાવેલ છે કે, તાજેતરમાં અમરા ગામની એક જમીન વિરભદ્રભાઈ વલકુભાઈ ડાભીયા રહે. છતડીયાવાળાએ પરોક્ષ રીતે તેના ભાઈ શિવભદ્રભાઈ વલકુભાઈ ડાભીયા રહે. છતડીયાનાં નામે લાખાભાઈ ખોડાભાઈ ચાંદુ રહે. આદસંગ પાસેથી વેચાણ રાખીને વેચાણ દસ્તાવેજ કરાવેલ છે. તેમણે જમીનનું પ્રત્યક્ષ લોકેશન કે ચતુર્સિમા વિ. જોયા વિના કે જમીનનો કબ્જો લીધા વગર માત્ર જમીનના ૭/૧૨ અને ૮-અ ના આધારે વેચાણ દસ્તાવેજ કરીને વેચાણ રાખેલ છે અને હવે જમીન વેચાણ આપનાર તે જમીનનો ચોકકસ કબ્જો આપી શકતા નથી. એટલે તેમણે અમારા ગામના ખેડૂત (૧) ભુપતભાઈ સુરગભાઈ ધાધલ અને (૨) જયદિપભાઈ ભુપતભાઈ ધાધલ વિરૂધ્ધ લેન્ડ ગ્રેબિંગની અરજી કરેલ છે.

બીજી ગંભીર હકીકત એ છે કે, લેન્ડ ગ્રેબિંગ અરજી બાબતે અમારા ગામના (૧) ભુપતભાઈ સુરગભાઈ ધાધલ અને (૨) જયદિપભાઈ ભુપતભાઈ ધાધલને નાયબ કલેકટર સાવરકુંડલાએ પત્ર લખી આધારો તથા લેખીત જવાબ રજુ કરવા ગત તા. ૧૧/૮/૨૦૨૬નાં રોજ રૂબરૂ હાજર રહેવા બોલાવેલ. એટલે તેઓ બન્ને તા. ૧૧/૮/૨૦૨૬નાં રોજ નાયબ કલેકટર સાવરકુંડલા સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખિત જવાબ રજુ કરવા ગયેલ તો નાયબ કલેકટરે તેમને સાંભળ વાની કે કોઈપણ આધારો કે મૌખિક/લેખિત જવાબ સ્વીકારવા ઈન્કાર કરેલ છે અને તેમના તરફથી રજુ કરવામાં આવેલ આધારો અને લેખિત જવાબ પણ સ્વીકારેલ નથી. એટલે આધારો-જવાબ રજુ કર્યા વગર પરત આવવું પડયું છે. જેના કારણે પણ આ આવેદનપત્ર આપવાની ફરજ પડી છે. કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ જયુડીશરી કે પેરા જયુડીશરી આપેલ સુનાવણી પછી આ રીતે સાંભળવા ઈન્કાર કરી ન શકે કે તમારી વિરૂધ્ધ આવું જજમેન્ટ આપશું તેમ કહી ન શકે. આ કિસ્સામાં આવુ બન્યુ છે તેનું એકમાત્ર કારણ અરજદાર વગદાર અને મોટા પ્રમાણમાં પૈસાદાર છે અને "પૈસો બોલે છે" સિધ્ધાંત ઉપર અમારા ગામના ખેડૂતની વાત પણ સાંળભવામાં આવી નથી. જે કાઈ લેખિત કે મૌખિક કહેવું હોય તે કહેવા બોલાવ્યા પછી તેમને સાંભળવા ઈન્કાર કરેલ છે. તે કદાચ સાવરકુંડલા પ્રાંત કચેરીના કિસ્સામાં પ્રથમ બનાવ છે. આમ ઉપરોકત સ્થિતિ અને હકીકતો ઉપસ્થિત થતાં ન્યાયના હિતમાં ગામની સુલેહ શાંતિ માટે અને વેચાણ દસ્તાવેજવાળી જમીન બાબતે સત્ય હકીકતો રજુ કરેલ છે. તે ન્યાયના હિતમાં ધ્યાને લેવા અંતમાં માંગ કરેલ છે.

આ અંગે ગ્રામજનોએ જણાવ્યું કે, જો ન્યાય ન મળે તો અમરેલી પધારી રહેલ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવાનું વિચારણા હેઠળ છે.

## બાબરામાં ૧૪ ઓગષ્ટે ભવ્ય તિરંગા યાત્રા યોજાશે

બાબરા, તા. ૧૨

દેશની આન, બાનઅને શાન સમાન રાષ્ટ્રધ્વજના સન્માન તથા રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ પ્રબળ બનાવવા બાબરા તાલુકા ભાજપ પરિવાર અને બાબરા શહેર ભાજપ પરિવારના સંયુક્ત ઉપક્રમે આગામી શુક્રવાર, તા. ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બાબરામાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

તિરંગા યાત્રાનો પ્રારંભ સવારે ૯:૦૦ કલાકે શ્રી તાપડીયા આશ્રમ ખાતેથી થશે. હાથમાં તિરંગો લઈને દેશભક્તિના રંગે રંગાયેલા વાતાવરણમાં નીકળનારી આ યાત્રા શહેરના વિવિધ મુખ્ય માર્ગો પરથી પસાર થઈ સરદાર સર્કલ ખાતે પૂર્ણ થશે.

યાત્રાનો રૂટ શ્રી તાપડીયા આશ્રમ, અમરાપરા બસ સ્ટેન્ડ, મેઈન બજાર, નાગરિક બેંક ચોક, શહીદ ભગતસિંહ ચોક, મોટા બસ સ્ટેન્ડ, ચમરડી ઝાપે, સરદાર સર્કલ રહેશે.

રાષ્ટ્રધ્વજના સન્માન સાથે યોજાનારી આ તિરંગા યાત્રા માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને જનજન સુધી પહોંચાડવાનો સંકલ્પ બનશે. તિરંગાની આન-બાન-શાનને ઉજાગર કરતી આ યાત્રામાં દેશભક્તિના નારા સાથે બાબરા શહેર રાષ્ટ્રપ્રેમના રંગે રંગાશે.

આ ભવ્ય રાષ્ટ્રભક્તિમય યાત્રામાં બાબરા શહેર તથા તાલુકાના ભાજપના આગેવાનો, કાર્યકરો તેમજ તમામ દેશપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી યાત્રાને સફળ બનાવે તેવી અપીલ બાબરા તાલુકા ભાજપ પરિવાર અને બાબરા શહેર ભાજપ પરિવાર દ્વારા કરવામાં આવી છે.

આવો... રાષ્ટ્રધ્વજના સન્માનમાં એકતાનો સંદેશ આપીએ, તિરંગાની આન-બાન-શાનને સલામ કરીએ અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ પ્રબળ બનાવીએ. આ સંકલ્પ સાથે સમગ્ર બાબરા શહેર અને તાલુકાના નાગરિકોને ભવ્ય તિરંગા યાત્રામાં જોડાવા બાબરા શહેર અને તાલુકા ભાજપ દ્વારા આહવાન કરવામાં આવ્યું છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો
માસિક ફી રૂા. ૧૨૫૦/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com






હમરાજ ગાઠીયા હાઉસ
શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફ્રુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, ક્રિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક
ભાણાભાઈ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪












### વિપક્ષના હોબાળા પર અમિત શાહની પ્રથમ પ્રતિક્રિયા

# વિપક્ષ ચર્ચા માટે સામે આવે, હું દરેક પ્રશ્નનો જવાબ આપીશ

**વિપક્ષ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું હતું કે "હું એ પણ ચર્ચા કરીશ કે તમે ચર્ચા કેમ નથી ઇચ્છતા : NDA સરકાર દરેક બાબત પર ચર્ચા કરવા તૈયાર**

નવી દિલ્હી, તા.૧૨

સંસદના ચોમાસુ સત્રમાં ચાલી રહેલા મડાગાંઠ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે તેઓ બધા પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, "તમે લખીને આપો કે ચર્ચા ઈચ્છો છો, હું જવાબ આપીશ. શાહના નિવેદન પછી તરત જ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, "અમિત શાહના ભાષણોમાં અમને રસ નથી. અમે જાણવા માંગીએ છીએ કે બાળકોને કોણે ગોળી મારી."

વિપક્ષ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું હતું કે "હું એ પણ ચર્ચા કરીશ કે તમે ચર્ચા કેમ નથી ઈચ્છતા. ભાજપ સરકાર, પીએમ મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકાર દરેક બાબત પર ચર્ચા કરવા તૈયાર છે. તેઓ સંસદને કામ કરવા દેતા નથી."

અમિત શાહે કહ્યું કે સૌ પ્રથમ તો "ગુમ થઈ જવું," "ફરાર થવું," અને "ભાગેડુ" જેવી ભાષા સંભળાઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, "વિપક્ષ સંસદને બંને ગૃહોમાં કામ કરવા દેતું નથી, તો ત્યાં જવાથી શું થશે? હું સંસદમાં કોઈપણ પ્રશ્નનો જવાબ આપવા તૈયાર છું. અમે આજે બપોરે ૩ વાગ્યાથી કાલે બપોરે ૩ વાગ્યા સુધી ચર્ચા માટે તૈયાર છીએ." વિપક્ષે પત્ર લખીને બપોરે ૨ વાગ્યા સુધીમાં સ્પીકર ઓમ બિરલાને સુપરત કરવો જોઈએ. અમિત શાહે કહ્યું, "સરકાર દરેક બાબતમાં ચર્ચા કરવા તૈયાર છે. વિપક્ષે સંસદને કામ કરવા દેવી જોઈએ." તેમણે વિપક્ષને ચર્ચા માટે બપોરે ૨ વાગ્યા સુધીમાં સ્પીકરને પત્ર સુપરત કરવા કહ્યું. આ પછી સરકાર આજે બપોરે ૩ વાગ્યાથી મધ્યરાત્રિ અને કાલે બપોરે ૩ વાગ્યા સુધી પણ ચર્ચા માટે તૈયાર છે. અમિત શાહે કહ્યું કે તેઓ પોતે ચર્ચામાં ભાગ લેશે. તેમણે કહ્યું કે વિપક્ષ સંસદને કામ કરવા દેતું નથી. અમિત શાહે સ્પષ્ટતા કરી કે સત્ર શરૂ થયું ત્યારથી તેઓ નિયમિતપણે સંસદમાં આવી રહ્યા છે.

અમિત શાહે જણાવ્યું હતું કે સરકાર પાસે છૂપાવવા માટે કંઈ નથી અને NEET પેપર લીક અંગે વિદ્યાર્થીઓના વિરોધને લગતા તમામ પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ વિપક્ષે સંસદને કેમ કામ કરતા અટકાવી તે પ્રશ્નનો જવાબ આપશે. અમિત શાહે વિપક્ષને કહ્યું હતું કે હવે ચર્ચામાં જોડાવું કે ચર્ચા ટાળવી તે નિર્ણય તેમણે કરવાનો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં સરકાર હંમેશા દરેક મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે. તેમણે વિપક્ષને સંસદને કામ કરવા દેવાની અપીલ કરી હતી.

ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે સંસદમાં ચર્ચા માટે સ્થાપિત નિયમો અને પ્રક્રિયાઓ છે. આવા ગંભીર મુદ્દા પર ફક્ત નિવેદન આપીને ચર્ચા કરી શકાતી નથી. સંસદ કોઈપણ મુદ્દા પર વિગતવાર ચર્ચા કરે છે, અને સરકાર દરેક પ્રશ્નનો જવાબ આપવા તૈયાર છે. અમિત શાહે જણાવ્યું હતું કે જો સ્પીકર પરવાનગી આપે તો સરકાર જરૂર પડ્યે પ્રશ્નકાળ મુલતવી રાખવા તૈયાર છે.

### ભારી માત્રામાં મળી હતી 'બળેલી' અને 'અડધા બળેલી નોટો'

# જસ્ટિસ યશવંત વર્મા પરના ત્રણેય આરોપો સાબિત

**આ મામલાની તપાસ કરી રહેલી સમિતિએ પોતાનો અહેવાલ તૈયાર કરીને લોકસભા અધ્યક્ષને સોંપી દીધો**

નવી દિલ્હી, તા.૧૨

જસ્ટિસ યશવંત વર્મા સામે તપાસ કરી રહેલી સમિતિએ તેના અહેવાલમાં તેમની સામે મૂકવામાં આવેલા ત્રણેય આરોપને સાબિત માન્યા છે. સમિતિએ જણાવ્યું છે કે, તેમના સરકારી નિવાસસ્થાનના સ્ટોર રૂમમાંથી મોટી માત્રામાં ૫૦૦ રૂપિયાની બળેલી અને અડધી બળેલી નોટો મળી આવી હતી. જો કે, આ નોટોના સ્ત્રોત કે માલિકી હક્ક અંગે જસ્ટિસ વર્મા કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા.અહેવાલ મુજબ, ૧૪ અને ૧૫ માર્ચ ૨૦૨૫ ની રાત્રે દિલ્હીના ૩૦ તુગલક ક્રેસન્ટ સ્થિત સરકારી નિવાસસ્થાનના સ્ટોર રૂમમાં આગ લાગી હતી. આગ ઓલવવા પહોંચેલા દિલ્હી પોલીસ અને ફાયર બ્રિગેડના અધિકારીઓએ ત્યાં મોટી સંખ્યામાં બળેલી, અડધી બળેલી, ભીની અને વિખરાયેલી ૫૦૦ રૂપિયાની નોટો જોઈ હતી. ઘણા અધિકારીઓના નિવેદનો અને ફોટો-વીડિયો રેકોર્ડ પણ આ વાતની પુષ્ટિ કરે છે.સમિતિએ જણાવ્યું કે, ઘટનાસ્થળેથી નોટો જપ્ત કરવામાં આવી નહોતી, ન તો તેમની ગણતરી કરવામાં આવી કે ન તો તેમની પૂરી યાદી બનાવવામાં આવી હતી. આ જ કારણે અહેવાલમાં રોકડની સાચી રકમ જણાવવી શક્ય નથી. સમિતિના જણાવ્યા અનુસાર, તેનો અર્થ એ નથી કે ત્યાં ઓછી નોટો હતી. ઉપલબ્ધ પુરાવાઓ પરથી સ્પષ્ટ થાય છે કે, સ્ટોર રૂમમાં ૫૦૦ રૂપિયાની નોટો મોટી સંખ્યામાં હતી.પહેલા આરોપમાં જણાવાયું હતું કે, ન્યાયમૂર્તિ વર્માના નિયંત્રણ હેઠળના સરકારી પરિસરમાં મોટી માત્રામાં એવી રોકડ મળી, જેનો કોઈ સ્પષ્ટ સ્ત્રોત કે માલિકી હક્ક સામે આવ્યો નથી. સમિતિએ આ આરોપને સાબિત માન્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે, ન્યાયમૂર્તિ વર્મા નોટો મળવા, તેના સ્ત્રોત અને તેની માલિકી અંગે સંતોષકારક જવાબ આપી શક્યા નથી. બીજા આરોપમાં આગ ઓલવ્યા પછી ઘટનાસ્થળ અને ત્યાં રહેલા પુરાવાઓને યોગ્ય રીતે સુરક્ષિત ન રાખવાની વાત હતી. સમિતિએ આ આરોપ પણ સાબિત માન્યો છે. અહેવાલ મુજબ, સરકારી અધિકારીઓની તપાસ અને જગ્યાને સીલ કરતા પહેલા સ્ટોર રૂમની સ્થિતિમાં ફેરફાર થયો હતો અને પાછળથી ત્યાં હાજર નોટો પણ મળી નહોતી.સમિતિએ કહ્યું કે, આ આરોપ સાબિત કરવા માટે એ જરૂરી નહોતું કે ન્યાયમૂર્તિ વર્માએ પોતે જઈને નોટો હટાવી હોય. તેમના નિયંત્રણ હેઠળના પરિસરમાં પુરાવા સુરક્ષિત રાખવામાં આવ્યા નહોતા અને તેનાથી મહત્વપૂર્ણ પુરાવા નષ્ટ થઈ ગયા.ત્રીજા આરોપમાં ન્યાયમૂર્તિ વર્માની અલગ-અલગ સ્પષ્ટતાઓને લઈને સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. સમિતિએ કહ્યું કે, તેમના જવાબમાં એ સ્પષ્ટ માહિતી નહોતી જેની આ મામલે એક બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે.સમિતિના જણાવ્યા અનુસાર, ૨૨ માર્ચ ૨૦૨૫ ના જવાબમાં ન્યાયમૂર્તિ વર્માએ રોકડ વિશે જાણકારી હોવાનો ઈનકાર કર્યો હતો. પાછળથી વલણમાં ફેરફાર આવ્યો અને તેમણે ઘટનાસ્થળની જપ્તી, રોકડની ગણતરી અને પાછળથી થયેલી સફાઈ જેવા મુદ્દા ઉઠાવ્યા.અહેવાલમાં એ પણ કહેવામાં આવ્યું છે કે, ન્યાયમૂર્તિ વર્માએ સ્ટાફની ભૂમિકા, રોકડ ત્યાં રાખવામાં આવી હોવા, રોકડ હટાવવામાં આવી હોવા કે કોઈ કાવતરા જેવી વાતો તરફ ઈશારો કર્યો હતો. જો કે, આ દાવાઓને સાબિત કરવા માટે કોઈ ઠોસ પુરાવા કે સાક્ષી રજૂ કર્યા નહોતા.સમિતિએ અંતમાં કહ્યું કે, તેમની સ્પષ્ટતા ગોળ-ગોળ, અધૂરી અને ગેરમાર્ગે દોરનારી હતી.

તેના આધારે ત્રીજા આરોપને પણ સાબિત માનવામાં આવ્યો છે.અહેવાલના સૌથી મહત્વપૂર્ણ ભાગમાં સમિતિએ સ્પષ્ટપણે કહ્યું છે કે, આરોપ નંબર એક, બે અને ત્રણ- ત્રણેય સાબિત થાય છે. સમિતિએ કહ્યું કે, સરકારી નિવાસસ્થાનના સ્ટોર રૂમમાંથી મોટી માત્રામાં ૫૦૦ રૂપિયાની નોટો મળી, તેનો સંતોષકારક સ્ત્રોત બતાવવામાં આવ્યો નહીં, મહત્વપૂર્ણ પુરાવા સુરક્ષિત રાખવામાં આવ્યા નહીં અને પાછળથી રોકડ ગાયબ થવાનો પણ કોઈ સંતોષકારક જવાબ મળ્યો નથી. સમિતિએ પોતાનો અહેવાલ અને તપાસ સંબંધિત દસ્તાવેજો આગળની કાર્યવાહી માટે લોકસભા અધ્યક્ષને સોંપવામાં આવ્યા હોવાની વાત કહી છે.

### ખાદ્ય ચીજવસ્તુ અને ઇંધણના ભાવ વધારાથી ફુગાવો વધ્યો

# શહેરો કરતાં ગામડાઓમાં મોંઘવારી વધી, છૂટક ફુગાવો વધીને ૪.૪૫%

**આ સતત બીજો મહિનો છે જ્યારે મોંઘવારીનો દર રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ૪% ના આદર્શ લક્ષ્યાંક કરતાં ઉપર**

નવી દિલ્હી, તા.૧૨

જો તમે પણ ઘરનું બજેટ સંભાળી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે જાણવા જરૂરી છે. દેશમાં મોંઘવારીએ ફરી એકવાર માથું ઊંચક્યું છે. તાજેતરમાં જાહેર થયેલા આંકડાઓ મુજબ, જુલાઈ ૨૦૨૬ માં છૂટક ફુગાવો (રિટેલ ઈન્ફ્લેશન) વધીને ૪.૪૫% પર પહોંચી ગયો છે.

આ સતત બીજો મહિનો છે જ્યારે મોંઘવારીનો દર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના ૪% ના આદર્શ લક્ષ્યાંક કરતાં ઉપર રહ્યો છે, જોકે રાહતની વાત માત્ર એટલી છે કે તે હજુ પણ RBI ની ૨% થી ૬% ની સલામત રેન્જની અંદર છે. ગત જૂન મહિનામાં આ ફુગાવો ૪.૩૮% નોંધાયો હતો.

આંકડાઓ પર નજર કરીએ તો ખ્યાલ આવે છે કે શહેરોની સરખામણીમાં ગ્રામીણ વિસ્તારોમાં મોંઘવારીએ લોકોને વધુ પરેશાન કર્યા છે. જુલાઈ મહિનામાં ગ્રામીણ ભારતમાં ફુગાવાનો દર ૪.૮૪% જેટલો ઊંચો રહ્યો હતો, જ્યારે શહેરી વિસ્તારોમાં આ દર થોડો નીચો એટલે કે ૩.૯૬% નોંધાયો હતો.

ખાદ્ય ફુગાવોઃ ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સ (CFPI) મુજબ, વાર્ષિક ધોરણે જુલાઈ ૨૦૨૬ માં ખાદ્ય ફુગાવો ૫.૫૨% રહ્યો છે. અહીં પણ ગામડાઓમાં ખાદ્ય ફુગાવો ૫.૭૯% અને શહેરોમાં ૫.૦૫% રહ્યો છે. એટલે કે ખાવા-પીવાની ચીજો પણ ગામડાઓમાં વધુ મોંઘી બની છે.

ગૃહ ફુગાવો (હાઉસિંગ ઈન્ફ્લેશન): રહેઠાણ અને ઘરને લગતા ખર્ચની વાત કરીએ તો જુલાઈ ૨૦૨૬ માં તે વાર્ષિક ધોરણે ૨.૨૨% અંદાજવામાં આવ્યો છે. ગ્રામીણ વિસ્તારોમાં આ દર ૨.૮૦% અને શહેરોમાં ૨.૦૧% નોંધાયો છે.આ મહિનાની શરૂઆતમાં જ RBI એ પોતાની મોનેટરી પોલિસી જાહેર કરી હતી, જેમાં વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કરાયો ન હતો. જોકે, બેંકે આખા વર્ષ માટે મોંઘવારીનો અંદાજ ઘટાડ્યો હતો અને દેશના GDP ગ્રોથનો અંદાજ વધાર્યો હતો.આ બાબતે RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્પષ્ટ કર્યું હતું કે, "મોંઘવારી દર અમારા લક્ષ્યાંકથી ઉપર ગયો છે, પરંતુ પહેલા ક્વાર્ટર (Q1) નો વાસ્તવિક ફુગાવો અમારા અંદાજ કરતા થોડો ઓછો રહ્યો છે. હાલમાં જે મોંઘવારી દેખાઈ રહી છે, તે મુખ્યત્વે ખોરાક અને ઈંધણ (ફ્યુઅલ) ના ભાવ વધારાને કારણે છે. કિંમતી ધાતુઓને બાદ કરતાં બાકીનો મુખ્ય ફુગાવો કાબુમાં જ છે."

### 'તા. ૧૩ ઓગસ્ટથી તા. ૨૨મી ઓગસ્ટ સુધી દશામાનાં વ્રતની ઉજવણી થશે'

# દશામાંના વ્રત દરમ્યાન ઢોંગી ભૂઈમાંથી સાવધાન રહેવા વિજ્ઞાન જાથાની અપીલ

**ધૂણીને છેતરપિંડી કરતી ભૂઈમા ઉપર જાથા કાનુની કાર્યવાહી કરશે**



અમદાવાદ, તા. ૧૨

આપણા દેશમાં છેલ્લા કેટલાંક વર્ષોથી શ્રાવણ માસની એકમથી દસમ સુધી તથા આ વર્ષે તા. ૧૩મી ઓગસ્ટથી ૨૨મી ઓગસ્ટ સુધી આરાધ્ય દેવી દશામાંના વ્રતનો પ્રારંભ, પૂજન, અર્ચન મહિમા અનેક રીતે ઉજવણી પ્રદેશ પ્રમાણે કરવામાં આવે છે. દશામાંના વ્રતનું ગૌરવ, ધાર્મિક અનુસરણ પ્રમાણે વિધિ–વિધાન થાય, ઉજવણી શ્રદ્ધા પ્રમાણે થાય તેનો કદી પણ વિરોધ હોય શકે નહીં. સૌને આદર, વંદન માતાજી તરફ હોય તે સ્વાભાવિક છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દશામાંના વ્રત દરમ્યાન અમુક લેભાગુઓ, ભુવા–ભારાડી, ભૂઈમા, તકસાધુઓ, ચમત્કારિકો શ્રદ્ધાના માહોલમાં યુક્તિ, પ્રયુક્તિ, ચમત્કારો કરી છેતરપિંડી કરે છે તેનો વર્ષોનો અનુભવ હોય ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી સખ્ત શબ્દોમાં વખોડી વિરોધ કરી ધૂણતી ઢોંગી ભૂઈમાંથી સાવધાન રહેવા અપીલ કરવામાં આવી છે.જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ગુરૂવાર તા. ૧૩મી ઓગસ્ટથી દશામાંના વ્રતનો પ્રારંભ થાય છે. દેશમાં શ્રદ્ધાપૂર્વક ધાર્મિક ઉત્સવ ઉજવવો સૌ નાગરિકોને અબાધિત અધિકાર છે. વ્રતના સ્થાપન – પુર્ણાહુતિએ શ્રદ્ધાળુઓએ આરોગ્યની જાળવણી રાખવી સૌના હિતમાં છે. કહેવાતા ચમત્કારો–પરચાઓ વિજ્ઞાનને કારણે ગાયબ થઈ ગયા છે. સાદગીથી પોતાના ઘરમાં જ ઉજવણી થાય તે જરૂરી છે. વર્ષોની લોકજાગૃતિના કારણે દશામાંની ભૂઈમાના પરચા ઓસરતા થઈને હવે નહિંવત જોવા મળે છે. મેટ્રો શહેરમાં અમુક વિસ્તારમાં આજે પણ ધાર્મિક ઉન્માદ જોવા મળે છે. તેમાં જાથા વિવેકથી કામગીરી કરે છે. તા. ૨૨મી ઓગસ્ટે જાગરણના દિવસે મૂર્તિના વિસર્જન સ્થળે પૂજન–અર્ચન કરેલ દશામાંની મૂર્તિની અવદશા દયનીય જોવા મળે છે. તેમાં ફેરફાર કરવો અતિ જરૂરી છે. પીવાનાં પાણીમાં કદી પણ મૂર્તિનું વિસર્જન કરવું નહિ.

વધુમાં જણાવે છે કે, વિજ્ઞાનના કારણે પૃથ્વી ઉપર અવતારો–ચમત્કારો–પરચાઓ બંધ થઈ ગયા છે. દશામાંની ભૂઈના પરચા બેબુનિયાદ સાબિત થયા છે છતાં પણ જાથા દર વર્ષે દશામાંના વ્રત સમયે શ્રદ્ધાળુઓ છેતરાય નહિ તે માટે લોકજાગૃતિનું કામ કરે છે. વર્ષોના અભિયાન પછી મહદ અંશે સફળતા જોવા મળેલ છે. ઉન્માદમાં ઓટ જરૂર આવી છે. દશામાંના વ્રતના અભિયાનના જાથાના ૨૪મા વર્ષે જાગૃતિ લાવવા જનસમાજ સમક્ષ હકિકત મુકે છે. તેમાં ૨૪ વર્ષથી વ્રત દરમ્યાન ૨૮૦૦ મહિલાઓ ધૂણતી નજરે પડી હતી તેમાંથી છેતરપિંડી કરતી ૯૦૩ ભૂઈમાઓનો પર્દાફાશ કરી ચોંકાવનારી હકિકત બહાર આવી હતી. આ વ્રતમાં ચાલાક ભૂઈમાનો છેતરપિંડીનો ધંધો થઈ ગયો છે. તેથી જાથા વિરોધ કરે છે. દશામાના ભક્તો–શ્રદ્ધાળુઓએ આ વ્રત દરમ્યાન જાગૃતિ રાખવાનો સમય પાકી ગયો છે. દશામાના વ્રત દરમ્યાન ઢોંગી, અમુક ભૂઈમા–ભુવા, લેભાગુઓ, તકસાધુઓ હાથ–પગ, મોંમાથી કંકુ કાઢવું–નીકળવું, કંકુના પગલા, મૂર્તિ–સાંઢણીનું દૂધ પાણી પીવું, જમીનમાંથી એકાએક મૂર્તિ નીકળવી, ફળ, શાકભાજીમાં દેવ–દેવીના દર્શન થવા તેવા અવનવા ગતકડાના ચમત્કારોનું સર્જન કરી લોકોને ભરમાવવામાં કે ભીડ એકઠી કરવાના નુસ્કા જોવા મળશે. ખોટા ચમત્કારોથી પ્રભાવિત ન થવા કે અફવામાં દોરાવું નહિ તેવી જાથા અપીલ કરે છે. સોશ્યલ મિડીયામાં આવતી ઘટનાથી સાવધાન રહેવું.વધુમાં જણાવ્યું કે, આ વ્રત દરમ્યાન બનાવટી, અતાર્કિક, ચમત્કારિક યુટયુબ ઉપર થતી ચમત્કારિક કથાઓ અને વાર્તાઓ, પત્રિકાઓ, પુસ્તિકાઓ, ફિલ્મો હેતુપૂર્વક બહાર પાડી દર્શાવીને ભ્રમીત કરીને પ્રચાર અને વેચાણ કરવામાં આવે છે. વાસ્તવમાં દશામાના નામે છેતરપિંડી જ છે. શ્રદ્ધાના માહોલમાં છેતરપિંડીનું કારસ્તાન છે. દેશભરમાં શ્રાવણ માસથી કાર્તિક માસ સુધી અવનવા ભ્રામક ચમત્કારોનું સર્જન કરી લૂંટ કરવામાં આવે છે. જાથાએ નજરે જોયું છે કે, ગામના કે સ્થાનિક રહેવાસીઓ જાગૃતિ રાખી પોલીસ કે સરકારી તંત્રની મદદથી અટકાવી સત્ય હકિકત નાગરિક ધર્મની રૂએ મુકી શકે છે. દશામાનો વ્રત ઉજવવો, ધાર્મિક લાગણી રાખવી સૌનો હક્ક છે. માતાજી હંમેશા વંદનીય હોય પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દશામાના વ્રતે જે હરણફાળ પ્રગતિ ચમત્કારના નામે અને યુક્તિ–પ્રયુક્તિના કારણે કરી છે તેનો વિરોધ છે. અમુક કથાવસ્તુ તો સાવ બોગસ, નિરાધાર, તર્કટ, બીનપાયાદાર કપોળકલ્પિત મનસ્વી મનની ઉપજથી બનાવવામાં આવેલી છે તે ભોળા, શ્રદ્ધાળુઓ ખોટું અનુસરણ કરવાથી બરબાદીને નોતરે છે તેથી સાવધાન રહેવા જાથા અપીલ કરે છે. દશામાની વ્રતની વેચાણ પૂજાવસ્તુથી સાવધાન રહેવું.

વિશેષમાં જણાવ્યું કે, દશામાના વ્રત દરમ્યાન દેશભરમાં કરોડોનો કારોબાર જોવા મળે છે. બનાવટી, છેતરપિંડી કારોબારનો સદૈવ જાથા વિરોધ કરે છે. અજ્ઞાન, અશિક્ષિત, ભોળા, ગરીબ લોકો જ ભોગ બને છે. દશ દિવસ સુધી દશામાનું વ્રત કરનાર પરિવાર અસ્તવ્યસ્ત થઈ જાય છે. દૈનિક જીવનપદ્ધતિ ખોરવાઈ જાય છે. બાળકોનું શિક્ષણ બગડે છે. પરિવારમાં અશાંતિનો માહોલ જોવા મળે છે. અમુક પરિવાર આ વ્રત દરમ્યાન જાથાની મદદ માંગે છે. છેલ્લા ૩૨ વર્ષમાં જાથાએ ધૂણતી અનેક ભૂઈમા, ઢોંગી મહિલાઓને પૂછવાથી કે તપાસવાથી એકપણ સાચી નીકળી નથી. તમામ ખોટી સાબિત થઈ છે. છેલ્લા વર્ષોમાં દશામાના વ્રત દરમ્યાન ભૂઈમાનો પતિ જ જાથાને રજૂઆત કરી પર્દાફાશનો આગ્રહ રાખે છે. અમુક પતિ તો પોતાને ધૂણીને ધબ્બો મારી માર મારે છે તેના ત્રાસની હકિકતથી જાથાને વાકેફ કરે છે. ધાર્મિકતાના કારણે લોકો મૌન રહેવાનું પસંદ કરે છે. વ્રત દરમ્યાન ભૂઈમા પોતાની શેરી, ઘર આસપાસ રહીશોને બેહદ ત્રાસ આપી ઢોલ–નગારા, ધૂપ–ધુમાડા, ઘોંઘાટ, ધુણવું, અબીલ–ગુલાલ ઉડાડવો, માનસિક ત્રાસ આપી હેરાન કરતા હોવાની હકિકત જાથાને આપવામાં આવે છે જેથી લોકોએ સ્વયંભુ વિરોધ કરી પરિસ્થિતિ પ્રમાણે કાયદાનું અનુસરણ કરવું જોઈએ. રજૂઆત સાચી હોય તો પોલીસ તંત્ર વાસ્તવમાં નાગરિકને મદદરૂપ થાય છે.

### કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આંકડા રજૂ કર્યા.

# ફળ-શાકભાજીમાં જંતુનાશકો અંગે મહત્ત્વના આંકડા રજૂ કરાયા

**છેલ્લા 3 વર્ષમાં ૭૦,૬૫૨ સેમ્પલની તપાસમાં માત્ર 3.૧% (૨,૨૨૩ સેમ્પલ)માં જંતુનાશકો FSSAIની સુરક્ષિત સીમાથી વધુ મળ્યા**

નવી દિલ્હી, તા.૧૨

બજારમાંથી ફળ અને શાકભાજી ખરીદતી વખતે દરેક સામાન્ય માણસના મનમાં એ ડર ચોક્કસ હોય છે કે, તેમાં ખતરનાક જંતુનાશક દવાઓ (Pesticides) તો નથી ભળેલી ને? લોકસભામાં કેન્દ્રીય કૃષિ મંત્રી દ્વારા આપવામાં આવેલા આંકડાઓએ આ ચિંતા અંગે મહત્ત્વની વિગતો સામે મૂકી છે.કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે લોકસભામાં જણાવ્યું કેઃ કુલ સેમ્પલ તપાસઃ છેલ્લા ૩ વર્ષોમાં (૨૦૨૩-૨૪થી ૨૦૨૫-૨૬) રાષ્ટ્રીય સ્તરે ૭૦,૬૫૨ સેમ્પલની તપાસ કરવામાં આવી હતી.અસુરક્ષિત સેમ્પલઃ આમાંથી માત્ર ૩.૧%(૨,૨૨૩ સેમ્પલ)માં જંતુનાશકોના અવશેષો FSSAIની નક્કી કરેલી સુરક્ષિત સીમા(MRL - Maximum Residue Limit)થી વધુ મળી આવ્યા.સુરક્ષિત સેમ્પલઃ ૯૬.૯% સેમ્પલ સંપૂર્ણપણે સુરક્ષિત મળી આવ્યા છે. આનો અર્થ એ બિલકુલ નથી કે, બજારની દરેક શાકભાજી ઝેરી છે. ૨૦૦૫થી ચાલી રહેલી MPRNL મોનિટરિંગ સિસ્ટમ હેઠળ GPS લોકેશન દ્વારા ખેતરો સુધી ટ્રેકિંગ કરવામાં આવી રહ્યું છે, જેથી સુરક્ષિત ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપી શકાય.ભારત ફળ અને શાકભાજીનો શુદ્ધ નિકાસકાર બની રહ્યો છે.નિકાસઃ વર્ષ ૨૦૧૬-૧૭માં નિકાસ $2.45 બિલિયન (Billion) હતી, જે ૨૦૨૫-૨૬માં વધીને ઈ૩.૯૩ બિલિયન (Billion) લગભગ ૫૮.૨ લાખ ટન થઈ ગઈ છે.આયાતઃ જોકે, વધતી સ્થાનિક માંગને કારણે આયાત પણ $1.78 બિલિયન(Billion)થી વધીને ઈ૩.૮૨ બિલિયન(Billion) પહોંચી છે.ડિજિટલ ક્રોપ સર્વેઃ પાક ઉત્પાદનના સાચા અંદાજ માટે ડિજિટલ જનરલ ક્રોપ એસ્ટીમેશન સર્વે ('Digital General Crop Estimation Survey') હવે ૨૩ રાજ્યોમાં લાગુ છે. જેમાં પાક લણણીના આંકડા મોબાઈલ એપ અને GPS ફોટો સાથે નોંધવામાં આવે છે. હિતધારકોના સૂચનો બાદ સરકારે ડ્રાફ્ટ સુગર્સ ઑર્ડર ૨૦૨૬(Draft Sugars Order, 2026) પરત ખેંચી લીધો છે.ઓઈલ પામ મિશનઃ ખાદ્ય તેલની આયાત ઘટાડવા માટે શરૂ કરાયેલા નેશનલ મિશન હેઠળ અત્યાર સુધીમાં ૨.૯૮ લાખ હેક્ટરમાં ઓઈલ પામની ખેતી શરૂ થઈ ચૂકી છે, જેના પરિણામો આગામી ૪-૫ વર્ષોમાં પૂર્ણ ઉત્પાદન સાથે દેખાશે.રબર ઉત્પાદનઃ વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતે ૯.૦૫ લાખ ટન રબરનું ઉત્પાદન કર્યું, જ્યારે ૪.૫૯ લાખ ટન આયાત કરવું પડ્યું. આંતરરાષ્ટ્રીય બજારની અસરોથી રબરની સરેરાશ કિંમતો રૂ.૧૯૭થી વધીને રૂ.૨૫૩ પ્રતિ કિલો સુધી પહોંચી છે.આંકડા સ્પષ્ટ કરે છે કે, ડરવાને બદલે જાગરૂક રહેવાની જરૂર છે. સરકારનું ધ્યાન માત્ર જંતુનાશકોના ઉપયોગને રોકવા પર જ નહીં, પરંતુ ઈન્ટિગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટ(IPM) દ્વારા સુરક્ષિત ઉત્પાદન, ડિજિટલ મોનિટરિંગ અને આયાત પરની નિર્ભરતા ઘટાડવા પર છે.

### Gen-Z માટે વડાપ્રધાન મોદીની સલાહ

# રીલ્સ છોડો, આત્મકથા વાંચો અને બીજાના સંઘર્ષમાંથી કંઈક શીખો

**રીલના યુગમાં જીવી રહેલા યુવાનોએ યાદ રાખવું જોઈએ કે, શોર્ટકટ તમને નુકસાન પહોંચાડી શકે છે : વડાપ્રધાન**

નવી દિલ્હી, તા.૧૨

નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે યુવાનોને આત્મકથાઓ વાંચવા અને બીજાના સંઘર્ષમાંથી શીખવાની અપીલ કરતાં કહ્યું કે રીલના યુગમાં જીવી રહેલા યુવાનોએ યાદ રાખવું જોઈએ કે, શોર્ટકટ તમને નુકસાન પહોંચાડી શકે છે. મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આત્મકથા ટ્રાયમ્ફ ઑફ ધ ઈન્ડિયન રિપબ્લિકઃ માય લાઈફ, માય સ્ટ્રગલ્સના વિમોચન કાર્યક્રમને સંબોધતા કહ્યું કે કોવિંદનું જીવન દર્શાવે છે કે દૃઢ સંકલ્પ કોઈ વ્યક્તિને મુશ્કેલીઓમાંથી બહાર આવવામાં અને સર્વોચ્ચ બંધારણીય પદ સુધી પહોંચવામાં કેવી રીતે મદદ કરી શકે છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "હું ખાસ કરીને યુવા પેઢીને આગ્રહ કરીશ. રીલ્સનો જમાનો છે. ઈન્ફ્લુએન્સર તમને ખેંચીને ક્યાંક ને ક્યાંક લઈ જ જાય છે. શોર્ટકટના આ યુગમાં પણ એક વાત જરૂર યાદ રાખજો... રેલવે સ્ટેશનો પર લખેલું હોય છેઃ શોર્ટકટ તમારી જિંદગી ટૂંકી કરી શકે છે..." PM મોદીએ આગળ કહ્યું કે, "હું યુવાનોને વિનંતી કરીશ કે તેઓ જે લોકોને પસંદ કરે છે તેમની આત્મકથાઓ વાંચે. આત્મકથા કોઈ ખાસ સમયગાળાની ઐતિહાસિક ઘટનાઓને એક અનોખા દૃષ્ટિકોણથી રજૂ કરે છે. તેમાં જણાવવામાં આવેલો સમય આપણને ઈતિહાસની ખૂબ નજીક લઈ જાય છે. તેથી મને પૂરી આશા છે કે કોવિંદજીની મહેનત આવનારી પેઢીઓ અને ખાસ કરીને યુવાનો માટે લાભદાયી સાબિત થશે..."

વડાપ્રધાને રાષ્ટ્રપતિ પદ છોડ્યા બાદ પણ કોવિંદ સતત જાહેર જીવનમાં સક્રિય રહ્યા હોવાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, પદ છોડ્યા બાદ પણ તેમણે આરામ કર્યો નથી, પરંતુ એક રાષ્ટ્ર, એક ચૂંટણી પહેલ પર કામ કરી રહ્યા છે, જે ભારતીય લોકશાહીમાં એક નવું અધ્યાય ખોલી શકે છે. મોદીએ કહ્યું કે આ મુદ્દા પર પૂર્વ રાષ્ટ્રપતિના પ્રયાસો ભારતીય લોકશાહીને મજબૂત બનાવવામાં તેમના સતત યોગદાનનો એક ભાગ છે.

મોદીની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે સરકાર અને સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ સોશિયલ મીડિયા પર Gen-Z સાથે જોડાવાની કોશિશો તેજ કરી છે. તબીબી સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે યોજાતી રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા (NEET)નું પ્રશ્નપત્ર લીક થવાના વિરોધમાં ગયા મહિને થયેલા પ્રદર્શનો બાદ મોદીએ પોતાના મંત્રીઓને કહ્યું હતું કે તેઓ યુવાનો સાથે જોડાવા માટે ઈન્સ્ટાગ્રામનો સક્રિયપણે ઉપયોગ કરે અને રીલ પોસ્ટ કરે. તાજેતરના અઠવાડિયામાં મોદીએ પોતે પણ યુવાનોને સંબોધતા ઘણી વખત રીલ શેર કરી છે. વડાપ્રધાને કહ્યું કે, કોવિંદની આત્મકથા ભારતીય લોકશાહીની ધરોહર બનશે અને નવી પેઢીને તેમાંથી ઘણું શીખવા મળશે. મોદીએ કહ્યું, આપણે ભવિષ્યમાં આવા ઘણા યુવાનોની જરૂર છે જે કોવિંદ જેવા હોય. એવા લોકો જે પરિસ્થિતિ સામે હાર ન માને, પરંતુ દરેક પડકારને પાર કરવાનો મજબૂત સંકલ્પ ધરાવે. તેઓ આત્મનિર્ભર ભારતનો માર્ગ બનાવશે અને આ આત્મકથા યુવાનો માટે પ્રેરણાનો સ્ત્રોત બનશે.

તેમણે કહ્યું કે આત્મકથાનું શીર્ષક એકદમ યોગ્ય છે કારણ કે કોવિંદનું જીવન અને સંઘર્ષ ભલે વ્યક્તિગત હતા, પરંતુ એ સંઘર્ષોની જીત ભારતીય લોકશાહીની છે. મોદીએ યાદ કર્યું કે બાળપણમાં ઘરની વસ્તુઓ બચાવવાનો પ્રયાસ કરતી વખતે લાગેલી આગમાં કોવિંદે પોતાની માતાને ગુમાવી હતી. વડાપ્રધાને કહ્યું કે, આ દુઃખદ ઘટના કોવિંદને તોડી શકે તેમ હતી, પરંતુ તેના બદલે આ ઘટનાએ તેમને વધુ મજબૂત બનાવ્યા હતા.મોદીએ કહ્યું કે, કોવિંદમાં સારા સંસ્કાર કેળવવામાં તેમના પિતાની મહત્વની ભૂમિકા રહી છે. વડાપ્રધાને રાષ્ટ્રપતિ ભવનમાં કોવિંદ સાથેની પોતાની મુલાકાતોને યાદ કરતાં કહ્યું કે પૂર્વ રાષ્ટ્રપતિ તેમની સાથે એવી વાતો કરતા હતા, જેની સામાન્ય રીતે પ્રોટોકોલ હેઠળ મંજૂરી હોતી નથી અને મોદીના ના પાડવા છતાં તેઓ તેમને પોતે કાર સુધી મૂકવા આવતા હતા.

કોવિંદે આ પ્રસંગે પોતાના બાળપણની મુશ્કેલીઓ અને આસપાસના વાતાવરણમાંથી મળેલા બોધને યાદ કર્યો હતો. પૂર્વ રાષ્ટ્રપતિએ કહ્યું કે, હું ઉત્તર પ્રદેશના કાનપુર દેહાત જિલ્લાના એક ગામમાંથી આવું છું. મેં ગામના લોકો પાસેથી એકબીજા પ્રત્યે દયા અને પ્રેમની ભાવના શીખી. તેમણે યાદ કર્યું કે કેવી રીતે તેમના ઘરની છતમાંથી વરસાદનું પાણી ટપકતું હતું અને તેમનો પરિવાર વરસાદ રોકાય તેની રાહ જોતો હતો.

કોવિંદે કહ્યું કે, સરકારી આવાસ યોજનાઓ હેઠળ કરોડો ગરીબ પરિવારોને માથે છત મળી છે અને તેમને સન્માન સાથે જીવવાની તક મળી છે. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના કતારમાં ઊભેલા અંતિમ વ્યક્તિના ઉત્થાનના સંકલ્પને યાદ કરતાં કોવિંદે કહ્યું કે, વડાપ્રધાન મોદી સાથેની તેમની વાતચીત, તેમનો દૃષ્ટિકોણ અને સામાન્ય કાર્યકર્તાઓ સાથે જોડાવાની તેમની ક્ષમતાએ પણ તેમને ખૂબ પ્રભાવિત કર્યા હતા. કોવિંદે કહ્યું કે તેઓ ભાજપ સાથે એટલા માટે જોડાયા કારણ કે તેમની નજરમાં આ પક્ષ પરિવાર કે સમુદાયના હિતથી ઉપર દેશને રાખે છે. પુસ્તક વિમોચન કાર્યક્રમમાં હાજર લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કોવિંદને દૃઢ સંકલ્પનું જીવંત ઉદાહરણ ગણાવ્યા અને ભારતના રાજદ્વારી સંબંધોને મજબૂત બનાવવા માટે તેમની પ્રશંસા કરી હતી.

કાર્યક્રમમાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ઘણા કેન્દ્રીય મંત્રીઓ પણ હાજર હતા.

# અમરેલીમાં પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટી અંતર્ગત હેરિટેજ વોક યોજાઈ






૧૫મી ઓગસ્ટ રાજયકક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અમરેલી ખાતે કરવામાં આવનાર છે, ત્યારે આ ઐતિહાસિક અવસર અમરેલી જિલ્લાવાસીઓ માટે ગૌરવની ક્ષણ સમાન છે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે જિલ્લાના નાગરિકોમાં દેશભક્તિની ભાવના વધુ પ્રબળ બને તેમજ સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાન અને રાષ્ટ્રભાવનાનો સંદેશ જન-જન સુધી પહોંચે તેવા ઉમદા હેતુથી જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ તા. ૧ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ દરમિયાન વિવિધ પ્રી-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ કલાકે અમરેલી શહેરમાં હેરિટેજ વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ અધિકારીઓ-કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.હેરિટેજ વોક દરમિયાન વિદ્યાર્થીઓએ અમરેલીની ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસત સમાન રાજમહેલની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ડો. કેતન કાનપરિયા દ્વારા રાજમહેલના ઈતિહાસ, તેની સ્થાપત્ય વિશેષતાઓ તથા અમરેલીની ઐતિહાસિક વિરાસત અંગે રસપ્રદ અને માહિતીસભર વિગતો આપવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થીઓને રાજમહેલ સાથે જોડાયેલી અનેક ઐતિહાસિક બાબતોથી અવગત કરાવી માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરૂ પાડ્યું હતું. આ હેરિટેજ વોકમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી વી.બી.પરમાર, પ્રાંત યુવા વિકાસ અધિકારી અશરફ આર. કુરેશી, દીપક હાઈસ્કૂલના આચાર્ય અમિતભાઈ ઉપાધ્યાય સહિત વિવિધ શાળાઓના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ મળી આશરે ૨૦૦ જેટલા સહભાગીઓ જોડાયા હતા.હેરિટેજ વોક થકી યુવા પેઢીને અમરેલીની ઐતિહાસિક ધરોહર, સંસ્કૃતિ અને વારસાથી પરિચિત કરાવવાની સાથે તેને જાળવવા અને સંવર્ધન કરવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં

# અમરેલીમાં રાજયકક્ષાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે અનેકવિધ કાર્યક્રમો યોજાશે

## રાજયપાલ અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાશે મેગા કલ્ચરલ કાર્યક્રમ

અમરેલી, તા. ૧૨

રાજયકક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી આ વર્ષે અમરેલી ખાતે થવા જઈ રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાનારી રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત અમરેલી જિલ્લામાં વિવિધસાંસ્કૃતિક, દેશ ભક્તિપૂર્ણ અને લોકભાગીદારીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે તા. ૧૩ ઓગસ્ટના રોજ સવારે તિરંગા યાત્રા અને શસ્ત્ર પ્રદર્શનનો પ્રારંભ કરવામાં આવશે. દેશભક્તિ અને રાષ્ટ્રભાવનાના રંગે રંગાયેલા આ કાર્યક્રમમાં નાગરિકો મોટી સંખ્યામાં જોડાશે. તા. ૧૩ ઓગસ્ટની રાત્રે અમરેલીવાસીઓ માટે લોકસંગીત અને લોક સંસ્કૃતિથી ભરપૂર ' રંગ કસુંબલ ડાયરો યોજાશે, જેમાં જાણીતા કલાકારો રાજભા ગઢવી, ઉર્વશી રાદડિયા અને વિવેક સાંચળા પોતાની કલાની પ્રસ્તુતિ કરશે. ૧૪ ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી અમરેલી અને વરસડા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. અમરેલી શહેર ખાતે મુખ્યમંત્રી નાગનાથ મહાદેવ મંદિરે પૂજન અર્ચન કરશે. મુખ્યમંત્રીની ગરિમામય ઉપસ્થિતિમાં શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે સમારોહ યોજાશે. સમર્થ વ્યાયામ મંદિર ખાતે અનુકંપા ફાઉન્ડેશન દ્વારા આયોજિત સમારોહમાં પણ મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે.૧૪ ઓગસ્ટના રોજ વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ અંતર્ગત મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં શાંતાબેન હરિભાઈ ગજેરા મેડિકલ કોલેજ ઓડિટોરીયમ ખાતે કાર્યક્રમ યજાશે. આ કાર્યક્રમમાં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણી પણ ઉપસ્થિત રહેશે.તા. ૧૪ ઓગસ્ટના રોજ રાજયપાલના અધ્યક્ષ સ્થાને તથા મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં નવી નૂતન સ્કૂલના મેદાન ખાતે સાંજે ૪.૩૦ કલાકે ' એટ હોમ કાર્યક્રમ યોજાશે.આ પ્રસંગે રાજયપાલ અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સાંજે ૬.૩૦ કલાકથી ફોરવર્ડ હાઈસ્કુલના મેદાનમાં ભવ્ય મેગા કલ્ચરલ કાર્યક્રમ પણ યોજાશે, જેમાં ગુજરાતની સમૃદ્ધ કલા, સંસ્કૃતિ અને પરંપરાનું મનોહર નિદર્શન કરવામાં આવશે. રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના સમારોહ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ પહેલા અમરેલી જિલ્લામાં આશરે રૂ. ૪૦૩ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ વિકાસકાર્યો થકી જિલ્લાના સર્વાંગી વિકાસને વધુ વેગ મળશે.તા. ૧૫ ઓગસ્ટના રોજ પોલીસ પરેડ ગ્રાઉન્ડસ ખાતે રાજયકક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના મુખ્ય સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાષ્ટ્ર ધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવશે. આ પ્રસંગે પોલીસ જવાનો દ્વારા ભવ્ય અને દિલધડક પરેડનું આયોજન કરવામાં આવશે, જે અમરેલીવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને ઐતિહાસિક અને યાદગાર બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સમગ્ર અમરેલી જિલ્લો રાષ્ટ્રભક્તિના રંગે રંગાઈ રહ્યો છે ત્યારે જિલ્લાના નાગરિકોને આ વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહભેર જોડાઈ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે.

### આજે શરૂ થશે ગુજરાત પોલીસનું શસ્ત્ર પ્રદર્શન

# અમરેલી શહેરમાં આજે યોજાશે ભવ્ય તિરંગા યાત્રા 300 મીટરનાં તિરંગા સાથે રાષ્ટ્રભાવનું અનોખું દ્રશ્ય સર્જાશે

## આજે રાત્રે ફોરવર્ડ હાઈસ્કૂલનાં મેદાનમાં યોજાશે ભવ્ય ડાયરો

અમરેલી, તા. ૧૨

રાજયકક્ષાનાં ૮૦માં સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી આ વર્ષે અમરેલી ખાતે થવા જઈ રહી છે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે અમરેલી શહેરમાં તા. ૧૩ ઓગસ્ટે વિવિધ દેશભક્તિપૂર્ણ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમો થકી સમગ્ર અમરેલી શહેર રાષ્ટ્રભાવનાં અને દેશભક્તિનાં રંગે રંગાશે.તા. ૧૩ ઓગસ્ટનાં રોજ અમરેલી શહેરમાં સવારે ૧૦ કલાકે પોલીસ પરેડ ગ્રાઉન્ડથી ભવ્ય તિરંગા યાત્રા યોજાશે. આ યાત્રામાં વિશાળ ૩૦૦ મીટર લાંબો તિરંગો આકર્ષણનું કેન્દ્ર બનશે. વિશાળ તિરંગા સાથે યોજાનારી આ યાત્રા દરમિયાન સમગ્ર શહેરમાં રાષ્ટ્રભાવનાં અને દેશભક્તિનું અનોખું દ્રશ્ય સર્જાશે. નાગરિકો, યુવાનો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત મોટી સંખ્યામાં લોકો આ તિરંગા યાત્રામાં જોડાશે. ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, નગરપાલિકાનાં પ્રમુખ વૈશાલી બહેન માંગરોળિયા, જિલ્લા કલકેટર, વિકલ્પ ભારદ્વાજ સહિતનાં મહાનુભાવો આ તિરંગા યાત્રામાં જોડાશે.સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે તા. ૧૩ ઓગસ્ટની રાત્રે ૮:૩૦ કલાકથી ફોરવર્ડ હાઈસ્કૂલનાં મેદાન ખાતે ભવ્ય ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જાણીતા લોક કલાકારો રાજભા ગઢવી, ઉર્વશી રાદડિયા, વિવેક સાંચળા સહિતનાં કલાકારો દ્વારા સંગીત અને લોક સંસ્કૃતિની મનમોહક પ્રસ્તુતિ કરવામાં આવશે. આ ડાયરો અમરેલીવાસીઓ માટે સાંસ્કૃતિક અને સંગીતમય મનોરંજનનો યાદગાર અવસર બની રહેશે.આ ઉપરાંત, તા. ૧૩ ઓગસ્ટથી સમર્થ વ્યાયામ શાળાનાં મેદાન ખાતે ગુજરાત પોલીસનું શસ્ત્ર પ્રદર્શન શરૂ થશે. શસ્ત્ર પ્રદર્શનમાં ગુજરાત પોલીસ દ્વારા ઉપયોગમાં લેવાતા વિવિધ શસ્ત્રો અને સુરક્ષા સાધનોનું પ્રદર્શન કરવામાં આવશે. નાગરિકો ખાસ કરીને યુવાનો માટે આ શસ્ત્ર પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર બનશે તેમજ પોલીસની કામગીરી અને સુરક્ષા વ્યવસ્થા અંગે જાણકારી મેળવવાનો અવસર પ્રાપ્ત થશે.રાજયકક્ષાનાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને ભવ્ય, લોક ભાગીદારી પૂર્ણ અને યાદગાર બનાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. અમરેલી જિલ્લાનાં નાગરિકોને આ તમામ કાર્યક્રમોમાં ઉત્સાહભેર સહભાગી બની રાષ્ટ્રભાવનાનાં આ પર્વને ભવ્યતાથી ઉજવવા અપીલ કરવામાં આવી છે.

# દલખાણીયા ખાતે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી સહિત બાબતે નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન

## પ્રાકૃતિક ખેતી - સ્વસ્થ જમીન, ટકાઉ ભવિષ્યનો પાયો : કુલપતી




અમરેલી, તા. ૧૨

ધારી તાલુકાના દલખાણિયા ગામ ખાતે તા. ૨/૮/૨૬ ના રોજ શ્રી દલખાણિયા પગાર કેન્દ્ર શાળામાં ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ સંલગ્ન કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી વિષયક વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં દલખાણિયા તેમજ આસપાસના વિસ્તારોના ૧૫૦ થી વધુ ખેડૂતો ઉત્સાહભેર જોડાયા હતા.કાર્યક્રમની શરૂઆત યુનીવર્સિટીના ઈન્વોકેશન સોન્ગથી થઈ હતી. ત્યારબાદ મુખ્ય અતિથિઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ ડો. સી. કે. ટિંબડિયાએ ખેડૂતોને સંબોધતા પ્રાકૃતિક ખેતીનું તત્વજ્ઞાન અને તેના વૈજ્ઞાનિક આધાર વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પ્રાકૃતિક ખેતી શું છે,વર્તમાન સમયમાં તેની જરૂરિયાત શા માટે વધી રહી છે તથા રાસાયણિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેના મૂળભૂત તફાવતો અંગે માહિતી આપી હતી. તેમણે જીવામૃત અને બીજામૃતના ઉપયોગથી જમીનમાં સૂક્ષ્મજીવોની સંખ્યા વધે છે, જમીનની જૈવિક સક્રિયતા સુધરે છે અને પાકને પોષણ ઉપલબ્ધ થાય છે તે અંગે સમજણ આપી હતી. ઉપરાંત પ્રાકૃતિક ખેતીમાં મિશ્ર પાક પદ્ધતિનું મહત્વ, જીવાત અને રોગ નિયંત્રણમાં તેની ભૂમિકા તેમજ ખેડૂતોની આવકમાં સ્થિરતા લાવવામાં તેના ફાયદાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે દેશી ગાય આધારિત કુદરતી ખેતીના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રમાંથી તૈયાર થતા વિવિધ પ્રાકૃતિક ઈનપુટ્સ જમીનની તંદુરસ્તી જાળવવામાં અને ટકાઉ કૃષિ વ્યવસ્થા ઉભી કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના પ્રિન્સિપાલ ડો. એસ. પી. દેશમુખે ખેડૂતોને સંબોધતા પ્રાકૃતિક ખેતીના આયામોની વૈજ્ઞાનિક માહિતી આપી હતી. ઉપરાંત સુડાવડ ગામના સરપંચ તથા પ્રગતિશીલ પ્રાકૃતિક ખેડૂત પ્રવીણભાઈ આસોદરિયાએ પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોના માર્કેટિંગ વિષય પર ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં દલખાણિયા ગામના અગ્રણી કનુભાઈ સુખડિયા, મોટા ભંડારિયાથી જયસુખભાઈ કસવાલા તથા ધારી વન વિભાગના આર.એફ.ઓ. રામાણી અધિકારી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવીને સ્વસ્થ સમાજ અને પર્યાવરણ નિર્માણમાં યોગદાન આપવા અપીલ કરી હતી.આ ઉપરાંત કાર્યક્રમમાં કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના મદદનીશ પ્રાધ્યાપક, ડો. કે. વી. મશાલિયા તથા બી. ડી. મકવાણા, ખેતી અધિકારી એચ. વી. વળિયા અને ખેતી મદદનીશ, વી. એસ. ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. જેમણે આ તાલીમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો. આ સાથેજ શ્રી દલખાણિયા પગાર કેન્દ્ર શાળાના પ્રિન્સિપાલ હેમલભાઈ જયસ્વાલ તથા કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમના અંતે ખેડૂતો સાથે પ્રશ્નોત્તરી યોજાઈ હતી, જેમાં ખેડૂતોના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના સફળ આયોજન બદલ આયોજકો તથા ઉપસ્થિત ખેડૂતો દ્વારા પ્રસન્નતા વ્યક્ત કરવામાં આવી હતી.કાર્યક્રમના અંતે વંદેમાતરમ ગાન સાથે કાર્યક્રમને સફળ રીતે વિરામ આપવામાં આવ્યો હતો.

### જળ સંચય થકી પાણીની સમસ્યા હવે ભૂતકાળ બની

# સંત, શૂરા અને સાહસવીરોની ભૂમિના આંગણે રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી

## જિલ્લા માટે ઉદ્યોગ સાહસિકોનો અજોડ વતનપ્રેમ અને ખમીરવંતી ધરાનો સમન્વય






અમરેલી, તા. ૧૨

'સંત, શૂરા અને સાહિત્યકારોની પવિત્ર તપોભૂમિ અમરેલી, હવે દેશભક્તિના રંગે રંગાવા સજ્જ થઈ ગઈ છે! કાઠિયાવાડના હૃદય સમાન આ ઐતિહાસિક જિલ્લાને ૮૦ મા રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની યજમાની કરવાનું અદકેરૂ બહુમાન મળ્યું છે. આ ખમીરવંતી ધરતી પર રાષ્ટ્રીય પર્વની આન-બાન-શાન સાથે થનારી ભવ્ય ઉજવણીને લઈને અત્યારે સમગ્ર જિલ્લામાં ભારે રોમાંચ અને દીવાળી જેવો માહોલ છે.

આ ધરતી માત્ર સંતો અને શૂરાઓની જ નહીં, પરંતુ એવા અડગ ઉદ્યોગ સાહસિકોની પણ જનની છે, જેમણે પોતાની અથાગ મહેનતના મજબૂત બળે વૈશ્વિક સ્તરે સફળતાના શિખરો સર કર્યા છે. વિદેશની ધરતી પર પહોંચ્યા પછી પણ આ સાહસિકોના દિલમાં પોતાના વતન પ્રત્યેનો પ્રેમ હંમેશાં અજોડ અને પ્રેરણાદાયી રહ્યો છે. પોતાની કમાણી અને કિસ્મત દેશ-વિદેશમાં અજમાવનારા આ પનોતા પુત્રોએ માત્ર અમરેલીનું નામ રોશન નથી કર્યું, પરંતુ વતનની સેવાની સુવાસ ફેલાવીને અહીંના સામાજિક અને આર્થિક ઉત્થાનમાં ઉદાર હાથે ભગીરથ યોગદાન આપ્યું છે.

વતનના આ જ ઉદ્યોગ સાહસિકોના અદકેરાં સહયોગ અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરોગામી વિઝનનો સમન્વય થતાં, એક સમયે ઉનાળો આવતા જ પાણીની અછતની સમસ્યાનો સામનો કરતું અમરેલી આજે જળસમૃદ્ધ બન્યું છે. સરકાર અને સ્થાનિક રત્નોના સહિયારા પ્રયાસોથી જિલ્લામાં જળ સંચય અને ચેકડેમો ઊંડા ઉતારવાનું વ્યાપક અભિયાન હાથ ધરવામાં આવ્યું, જેના પરિણામે વર્ષો જૂની પાણીની સમસ્યા હવે ભૂતકાળ બની ચૂકી છે. આ ભગીરથ જળક્રાંતિના કારણે આજે અમરેલીની વસુંધરા તૃપ્ત થઈ છે.

અમરેલીની ધરતીને ગુજરાતના ઈતિહાસમાં વિશિષ્ટ સ્થાન અપાવનાર મહાનુભાવોમાં ડો. જીવરાજ નારાયણ મહેતાનું નામ અગ્રેસર છે. અમરેલીમાં જન્મેલા ડા. જીવરાજ મહેતા માત્ર પ્રખર તબીબ અને સ્વાતંત્ર્ય સેનાની જ નહીં, પરંતુ ગુજરાત રાજયની સ્થાપના બાદ રાજયના પ્રથમ મુખ્યમંત્રી બન્યા હતા. તેમનાજીવન અને કાર્યથી અમરેલીનું નામ સમગ્ર ગુજરાતમાં ગૌરવપૂર્વક ઊભર્યું છે.

આઝાદીના અમૃતકાળમાં જયારે દેશ સ્વાતંત્ર્ય સંગ્રામના શહીદો અને સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને યાદ કરી રહ્યો છે, ત્યારે અમરેલીની ધરતીના આ મહાન સપૂત ડો. જીવરાજ મહેતાનું સ્મરણ વધુ પ્રાસંગિક બની રહે છે. તેમનું જીવન અમરેલીની ગૌરવશાળી પરંપરા અને ગુજરાતના નવનિર્માણની પ્રેરણાદાયી કડી સમાન છે.

ગુજરાતમાં રાષ્ટ્રીય પર્વો (૨૬ જાન્યુઆરી-પ્રજાસત્તાક દિન અને ૧૫ ઓગસ્ટ-સ્વતંત્રતા દિવસ) ની ઉજવણી માત્ર પાટનગર પૂરતી મર્યાદિત ન રાખતા, તેને રાજયના ખૂણે-ખૂણે પહોંચાડવાની અને જનતાના ઉત્સવ તરીકે ઉજવવાની એક નવતર પરંપરા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવી હતી, જેના ભાગરૂપે ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૬ ની ઉજવણી અમરેલી ખાતે કરવામા આવી રહી છે.

અમરેલીની આ પાવન ધરતી માત્ર ઈતિહાસનું પુસ્તક નથી, પરંતુ સંતો, શૂરાઓ, સ્વાતંત્ર્યવીરો, કવિઓ અને ભક્તજનોની સાધનાથી સમૃદ્ધ થયેલું જીવંત તીર્થસ્થાન છે! આ ધરતી પર અનેક મહાપુરૂષોએ જન્મ લઈને માનવતા, ભક્તિ અને સાહિત્યની એવી જયોત જગાડી છે, 'સંત અને શૂરાઓની ભૂમિ' તરીકે જાણીતા અમરેલીની પાવનધરા પર સંત શિરોમણી ભોજા ભગત, કવિ દુલા ભાયા 'કાગ', મહાકવિ કલાપી, સંત પીપા ભગત જગપ્રસિદ્ધ છે.

ખુમારી, સંસ્કાર અને સમૃદ્ધિની ત્રિવેણી સંગમ સમાન અમરેલીની ધરતી પર યોજાનાર આ રાજયકક્ષાનું સ્વાતંત્ર્ય પર્વ જિલ્લાના વિકાસમાં એક નવું સુવર્ણ પૃષ્ઠ ઉમેરશે. પ્રશાસન અને સ્થાનિક નાગરિકોના સહયોગથી આ રાષ્ટ્રીય ઉત્સવને અભૂતપૂર્વ બનાવવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આવો, સૌ આઝાદીના પર્વે આપણા સ્વાતંત્ર્યવીરો, ક્રાંતિકારીઓના બલિદાનને સલામ કરીએ.

# અમરેલી જિલ્લામાં પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટી અંતર્ગત શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ







રાજયકક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અમરેલી જિલ્લામાં યોજાનાર છે, જેના ભાગરૂપે તા. ૧ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ દરમિયાન જિલ્લામાં વિવિધપ્રિ- ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટીના ભાગરૂપે તા. ૫ ઓગસ્ટથી તા. ૧૦ ઓગસ્ટ દરમિયાન શાળા કક્ષાથી તાલુકા કક્ષા સુધી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ક્વિઝ સ્પર્ધા, મહેંદી સ્પર્ધા અને રંગોળી સ્પર્ધા સહિતની વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું.આ સ્પર્ધાઓનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના વધુ પ્રબળ બનાવવાની સાથે સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસ, રાષ્ટ્રના મહાન સપૂતો તથા દેશના લોકતાંત્રિક અને રાષ્ટ્રીય મૂલ્યો પ્રત્યે જાગૃતિ કેળવવાનો છે. તા. ૧૧ ઓગસ્ટના રોજ જિલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સરસ્વતી વિદ્યાલય, અમરેલી ખાતે જિલ્લા કક્ષાની પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટી અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની સર્જનાત્મકતા, જ્ઞાન અને વકૃત્વ કેશલ્યનું પ્રદર્શન કર્યું હતું.આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મિયાણી, જિલ્લા હિસાબી અધિકારી ચેહાણ તથા શાસનાધિકારી જોષી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ તેમજ વિજેતા વિદ્યાર્થીઓને અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક શરાફી મંડળી દ્વારા પ્રમાણપત્ર તથા શૈક્ષણિક કીટ એનાયત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા આ સન્માનથી તેમના ઉત્સાહમાં વધારો થયો હતો.જિલ્લા કક્ષાની સમગ્ર પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટીની વ્યવસ્થા અને સંકલન જિલ્લા નોડલ અધિકારી જી.એમ. સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના પૂર્વાર્ધરૂપે આયોજિત વિવિધ શૈક્ષણિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓમાંદેશભક્તિ, રાષ્ટ્રભાવના અને સ્વાતંત્ર્યના મૂલ્યોની ભાવના વધુ પ્રબળ બની રહી છે.

# અમરેલી : જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને સમગ્ર કાર્યક્રમનું પ્રથમ સફળ રિહર્સલ યોજાયું



આગામી ૧૫મી ઓગસ્ટના રોજ અમરેલીની પવિત્ર ધરા પર આયોજિત ૮૦મા રાજયકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય અને ઐતિહાસિક ઉજવણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે વહીવટી તંત્ર દ્વારા આ રાજય મહોત્સવને ક્ષતિરહિત અને ભવ્ય બનાવવા માટે સત્તાવાર તૈયારીઓનો ધમધમાટ શરૂ છે. આ આયોજનના ભાગરૂપે આજે અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં મુખ્ય પરેડ ગ્રાઉન્ડ સહિતના નિયત સ્થળો પર સમગ્ર કાર્યક્રમનું પ્રથમ રિહર્સલ આયોજનબદ્ધ રીતે યોજવામાં આવ્યું હતું. રાજયકક્ષાના આ મુખ્ય ઉત્સવની ગરિમા જળવાઈ રહે તે માટેવહીવટી તંત્ર દ્વારા લાઈન ટુ લાઈન મોનિટરિંગ કરીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ પ્રથમ સત્તાવાર રિહર્સલ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત સહિતના તમામ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ સંયુક્ત રીતે વિવિધ કાર્યક્રમ સ્થળોની મુલાકાત લીધી હતી. આ ઉચ્ચ અધિકારીઓની ટીમે મુખ્ય ધ્વજવંદન સ્થળ, સાંસ્કૃતિક મહોત્સવનું મેદાન તેમજ મહાનુભાવોના પ્રોટોકોલ રૂટ સહિતના દરેક કાર્યક્રમ સ્થળ પર રૂબરૂ જઈને સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા અને મલ્ટીમીડિયા સેટઅપની આખરી તૈયારીઓની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. તમામ અધિકારીઓને સુચારૂ વ્યવસ્થા ગોઠવવા સબંધિત અધિકારીઓને સ્થળ પર જ માર્ગદર્શન પૂરૂ પાડયું હતું અને દિશાનિર્દેશો આપ્યા હતા. આજના આ આયોજનનું મુખ્ય આકર્ષણ ૧૫મી ઓગસ્ટના સત્તાવાર પ્રોટોકોલ મુજબનું 'રીયલ ટાઈમ શેડયુલ રહ્યું હતું. જેમાં સવારના મુખ્ય ધ્વજ વંદન કાર્યક્રમની પોલીસ પરેડ અને મહિલા રાયફલ ડ્રીલ, સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ, ડોગ–શો, 'માઉન્ટેડ અ–શો અને 'ટેન્ટ પેગીંગ સહિતના કાર્યક્રમોથી લઈને સાંજના સમયના ભવ્ય રંગારંગ મલ્ટીમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને રાજયપાલ તેમજ મુખ્યમંત્રીની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાનારા પ્રતિષ્ઠિત 'એટ હોમ મહોત્સવનું રિહર્સલ કરવામાં આવ્યું હતું. આ સમયબદ્ધ આયોજનથી કાર્યક્રમ દરમિયાન સમયનું સચોટ વ્યવસ્થાપન જળવાઈ રહે અને પ્રોટોકોલનો ભંગ ન થાય તે બાબત વહીવટી તંત્ર દ્વારા ખાસ સુનિશ્ચિત કરવામાં આવી હતી. મુખ્ય કાર્યક્રમ પૂર્વે યોજાનારી પ્રિ–ઈવેન્ટ્સ જેવી કે ૧૩ ઓગસ્ટના રોજ સવારે યોજાનાર ભવ્ય 'તિરંગા યાત્રા અને રાત્રે યોજાનાર 'રંગ કસુંબલ લોકડાયરાની સજજતા માટે તૈયારીઓ આખરી તબક્કામાં છે. આ ક્રાંતિવીરોના વિચારોને સમર્પિત રાષ્ટ્રીય ઉત્સવમાં પ્રત્યેક નાગરિક ગેરવ અનુભવે તે માટે નગરપાલિકા દ્વારા સફાઈ અભિયાન કામગીરી પણ સમાંતર શરૂ છે. સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ તંત્ર પૂરી કટિબદ્ધતા સાથે આ ઐતિહાસિક ઉજવણીને સફળ બનાવવા સજજ છે, અને જિલ્લાના નાગરિકોને પણ આ દેશભક્તિના પાવન અવસરમાં મોટી સંખ્યામાં ઉત્સાહભેર સહભાગી થવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## પ્રભારી રવુભાઈ ખુમાણની ઉપસ્થિતિમાં જાફરાબાદ ખાતે તીરંગા યાત્રા અંતર્ગત બેઠક યોજાઈ

### કાર્યકર્તાઓને માર્ગદર્શન અપાયું



અમરેલી, તા. ૧૨

રાષ્ટ્રની આન, બાન અને શાન સમાન તિરંગાને દરેક ઘર સુધી પહોંચાડવાના પવિત્ર સંકેલ્પ સાથે જાફરાબાદ શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા 'ઘર ઘર તિરંગા' અભિયાન તથા તિરંગા યાત્રાના આયોજન અંગે લવ્ય બેઠકનું આયોજન કરવામાં આવ્યું.

આ બેઠકમાં જાફરાબાદ શહેર ભાજપ પ્રભારી રવુભાઈ ખુમાણે ઉપસ્થિત રહીને કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું.

સાથે જિલ્લા કારોબારી સભ્ય જીવનભાઈ બારૈયા, જાફરાબાદ શહેર ભાજપ પ્રમુખ સંદીપભાઈ શિયાળ, શહેર ભાજપ મહામંત્રી ધર્મેશભાઈ તથા મહેશભાઈ રાજયગુરૂ, યુવા ભાજપ પ્રમુખ ભાવેશભાઈ બારૈયા, બક્ષીપંચ મોરચાના પ્રમુખ વિક્રમભાઈ સોલંકી, કિસાન મોરચાના પ્રમુખ વિક્રમભાઈ સોલંકી, તમામ મોરચાના મહામંત્રીઓ, સંગઠનના હોદ્દેદારો, શક્તિ કેન્દ્ર સંયોજકો, સક્રિય કાર્યકર્તાઓ તથા નગરપાલિકાના સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકનો એક જ સંદેશ– તિરંગો દરેક ઘર સુધી અને રાષ્ટ્રભાવના દરેક હૃદય સુધી !.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં પ્રતિબંધિત "એનાલોગ"

તથા મોહિતભાઈ મુકેશભાઈ ગોહિલ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ગુજરાત સરકાર દ્વારા એનાલોગ પનીરના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ અંગે બહાર પાડવામાં આવેલા પ્રતિબંધાત્મક નોટિફિકેશનનો કડક અમલ કરાવવા તેમજ જન આરોગ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરવામાં આવી હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક દિવસ અગાઉ જ લાઠી ખાતેથી પણ અમરેલી એસઓજી ટીમે એનાલોગ પનીરનો જથ્થો ઝડપી પાડયો હતો. સતત બીજા દિવસે એનાલોગ પનીર સામેની કાર્યવાહીને પગલે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી પાલિકાનાં મહિલા પ્રમુખ

માંગરોળિયા ભારે નારાજ થયા હતા. તેમણે તાત્કાલિક ચીફ ઓફિસર તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓને સ્થળ પર બોલાવી સફાઈ વ્યવસ્થાને લઈને ઉગ્ર રજૂઆત કરી હતી.

પાલિકા પ્રમુખે અધિકારીઓને સફાઈ કામગીરીમાં બેદરકારી બદલ જવાબદાર ઠેરવી કડક શબ્દોમાં ટકોર કરી હતી. સાથે જ અમરેલીના ધારાસભ્ય તથા રાજયના ઉર્જામંત્રીને મોબાઈલ મારફતે જાણ કરી પાલિકાના અધિકારીઓ પોતાની વાતને ગાંઠતા ન હોવાની રજૂઆત કરી હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે.

શહેરમાં ઠેર–ઠેર ગંદકી જોવા મળતા પાલિકા પ્રમુખનો આક્રોશ કેમેરામાં કેદ થયો હતો અને આ વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. ભાજપ શાસિત અમરેલી નગરપાલિકાના પ્રમુખ દ્વારા જ સફાઈ વ્યવસ્થાને લઈને અધિકારીઓ સામે નારાજગી વ્યકત કરવામાં આવતા પાલિકાની કામગીરી અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે.

દરમિયાન, ગત રાત્રે પાલિકા પ્રમુખએ અધિકારીઓને ખખડાવ્યા બાદ બીજા દિવસે પાલિકા એડિશનલ કમિશનર દ્વારા સંબંધિત પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું હોવાનું પાલિકા પ્રમુખ વૈશાલી માંગરોળિયાએ નિવેદનમાં જણાવ્યું હતું. હવે સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે શહેરની સફાઈ વ્યવસ્થા કેટલી અસરકારક બને છે તે જોવું રહ્યું.

## અવસાન નોંધ

**બાબરા :** ઠા. સ્વ મનુભાઈ જસરાજભાઈ કારિયાના પુત્ર નંદલાલભાઈ (ઉ.વ. ૬૫) તેવો વિનુભાઈ, હરેશભાઈ, મહેશભાઈ, બાવદીનભાઈ, રાજેશભાઈ, બકુલભાઈ તથા નયનાબેન માનસેતા, રેણુકાબેન સંઘાણીના ભાઈનું તા. ૧૦/૮/૨૬ અમદાવાદ ખાતે અવસાન થયેલ છે. તેમની સાદડી તા. ૧૫/૮/૨૬ સાંજે ૪ થી ૫ લોહાણા મહાજન વાડી બાબરા ખાતે રાખેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં ઘુઘરાળા ગામે

સંખ્યામાં કાળિયાર આંબલીધારનાં જંગલ વિસ્તારમાં અવરજવર કરતા હોવાનું જણાવાયું છે. આ દરમિયાન જંગલ વિસ્તારમાં ફરતા કાળિયાર શ્વાનનાં હુમલાનો ભોગ બનવાની ઘટનાઓ સામે આવી રહી છે.

વન વિભાગ દ્વારા જંગલ વિસ્તારમાં રખડતા શ્વાનોના નિયંત્રણ સહિત વન્યપ્રાણીઓની સુરક્ષા માટે વધુ તકેદારી રાખવામાં આવે તેવી વન્યપ્રાણીપ્રેમીઓમાં માંગ ઉઠી છે.

## પાના ૮ ઉપરનું ચાલું ડોકટરને ડીસ્ચાર્જ કરી દેવાયા

દર્શનીય રીતે કરેલ હોવાનું ફલીત થતું નથી.

આ કામે આરોપી ડોકટર યુવતીની યોગ્ય શારિરીક તપાસ કર્યા બાદ ઓસીફીકેશન ટેસ્ટ મુજબનું સર્ટીફીકેટ આપેલ છે. અને આ કામના ડોકટર ઓસીફીકેશન ટેસ્ટની વિગતે યુવતીનું ઉમર અંગેનું સર્ટીફિકેટ આપેલ હોય અને ઓસીફીકેશન ટેસ્ટને અનુસંધાને મેડીકલ સાયન્સ તથા મેડીકલ જયુરીસપ્રુડન્સના તારણોને ધ્યાને લેવામાં આવે તો આ કામના અરજદાર ડો. દયાળભાઈ ગોવિંદભાઈ પટેલે ફરીયાદની વિગતે કોઈ ગુન્હો કરેલ હોય તેવું પ્રથમ દર્શનીય રીતે ફલીત થતું નથી તેવી પણ દલીલો કરેલ હતી. સાથો સાથ આ ફરીયાદના કામે ગુજરાત હાઈકોર્ટના ચુકાદાનો પણ ઉલ્લેખ કરેલ હતો. આમ ગુજરાત હાઈકોર્ટના ચુકાદા તથા કેસની હકીકતો તથા એડવોકેટ તરફથી કરવામાં આવેલ દલીલોને ધ્યોન લઈને ડોકટર તરફથી કરવામાં આવેલી રીવીઝન અરજી એડી. ડીસ્ટ્રીકટ જજ એમ.એમ. પરમાર તરફથી મંજુર કરવામાં આવેલ હતી અને ડોકટરની ડીસ્ચાર્જ અરજી સંદર્ભેની રીવીઝન મંજુર કરી તેમને બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરેલ હતો.

તે કેસમાં આરોપી તર્ફે અમરેલીના યુવા એડવોકેટ હરનીલ ત્રિવેદી રોકાયેલ હતા.

## પાના ૮ ઉપરનું ચાલું ડો. કાનાબાર જનતાની સમસ્યાઓને

૨૦૧૯માં ગુજરાતમાં સ્વ. વિજયભાઈ રૂપાણીનાં નેતૃત્વમાં ભાજપની સરકાર હતી. ડો. કાનાબારે સમગ્ર શહેરનાં નાગરિકોને સંગઠીત કર્યા અને શહેરનાં વેપારીઓ, બીઝનેસમેનો, ડોકટરો, વકીલોની મદદથી અમરેલીમાં ભવ્ય રેલી કાઢેલી અને ત્યારબાદ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીને રૂબરૂ મળી આ પ્રશ્નની ગંભીરતાથી વાકેફ કર્યા હતા. રજુઆતના અંતે વિજયભાઈ રૂપાણીએ શહેરનાં રોડ રસ્તા માટે વધારાની સ્પેશીયલ ૧૦ કરોડની ગ્રાન્ટ મંજુર કરેલ. જીલ્લાનો રેતીનો પ્રશ્ન હોય કે એસ.ટી. માં કંડકટર ડ્રાયવરોની ભરતીમાં નિમણૂંક પહેલા ફરજીયાત ફર્સ્ટ એઈડ ટ્રેનીંગ લેવાની વાત હોય, ડો. કાનાબારે સરકારમાં રજુઆત દ્વારા લોકોને ન્યાય અપાવવામાં હંમેશા અગ્રેસર રહયા છે.

તોકતે વાવાઝોડાનાં અસર ગ્રસ્તોને સહાય પહોંચાડવાની હોય કે સીનીયર સીટીઝનોનેતીર્થયાત્રાકરાવવાની હોય, અમરેલીનું અનુકંપા ફાઉન્ડેશન હરહમેશ સેવા કાર્યોમાં તત્પર રહે છે.

રાજકીય ક્ષેત્રમાં સક્રિય રહેવાની સાથે ડો. કાનાબાર અમરેલીનાં સમાજ જીવનમાં વિવિધ કાર્યક્રમો અને અભિયાનો દ્વારા પ્રેરણાદાયી પરિવર્તનો લાવી રહયા છે.

તેમના "ટુ વ્હીલર ફોર ટુ" અભિયાનનાં પ્રચાર માટે તા. ૧૪મી ઓગસ્ટે એક સ્કુટર/બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહી લીલી ઝંડી આપી રેલીને પ્રસ્થાન કરાવશે.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં ગુજરાત સરકારનાં રાજય કક્ષાનાં મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, રાજયસભાનાં સભ્ય અને અગ્રણી ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંધાડ, માર્કેટયાર્ડ અને નાગરિક બેંકનાં પૂર્વ ચેરમેન પી. પી. સોજીત્રા, પ્રદેશ કિસાન મોરચાનાં અધ્યક્ષ હિરેનભાઈ હિરપરા, અમરેલી જીલ્લા ભાજપ અધ્યક્ષ અતુલભાઈ કાનાણી સવિશેષ ઉપસ્થિત રહેશે.

આ રેલીને સફળ બનાવવા માટે ડો. ભાવેશભાઈ મહેતા, ચેતનભાઈ રાવળ (એડવોકેટ), મધુભાઈ આજુગીયા, નયનભાઈ જોષી, કમલેશભાઈ ગરાણીયા, પ્રફુલ્લભાઈ બાટવીયા, કિરણભાઈ નાંઢા, ટોમભાઈ અગ્રાવત, દિપકભાઈ વઘાસીયા, હરેશભાઈ સાદરાણી, ભીખુભાઈ અગ્રાવત, સાગરભાઈ મહેતા, કિશોરભાઈ કાંકરેચા, આશાબેન દવે, કિશોરભાઈ મિશ્રા, તરંગભાઈ પવાર, તુલસીભાઈ મકવાણા, ડો. ચંન્દ્રેશભાઈ ખુંટ, ભાવેશભાઈ સોઢા, બિરજુભાઈ અટારા, પ્રિતેશભાઈ માનસેતા, વિપુલભાઈ ભટ્ટી, કે.પી. ભડકોલીયા, મોન્ટુભાઈ સોનપાલ, નીલેષભાઈ જોષી, આકાશ અગ્રાવત, એડવોકેટ રામજીભાઈ જાદવ, વિપુલભાઈ રાદડીયા, દિનેશભાઈ વાઘેલા, પ્રફુલભાઈ ઠાકર, અલ્પેશ હરીયાણી વિગેરે જહેમત ઉઠાવી રહયા છે.

# ગજેરા કેમ્પસ–વિદ્યાસભાનો ડંકો : જિલ્લા કક્ષા એસજીએફઆઈ કરાટેમાં સુવર્ણ–રજત–કાંસ્ય એમ ટોટલ ર૩ મેડલ પ્રાપ્ત કર્યા




અમરેલીમાં ૬–૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ એસજીએફઆઈ જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન સાવરકુંડલા ખાતે કરવામાં આવ્યું હતું. જિલ્લાના વિવિધ તાલુકાના શ્રેષ્ઠ શાળાકીય કરાટે રમતના ખેલાડીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગજેરા કેમ્પસ–વિદ્યાસભાના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી જિલ્લા કક્ષાએ પોતાની આગવી ઓળખ ઉભી કરી. જેમાં સુવર્ણ પદક મેળવનાર (૧) છત્રોલા હેમાદ્રી (૨) ચૌહાણ શ્રેયા (૩) કારેના ઉર્વી (૪) સોલંકી વંદના (૫) ખાંભલા સોહિલ (૬) ધાધલ મનદીપ (૭)વાળા વંશ (૮) વાળા વિશ્વરાજ (૯)વાળા દેવેન્દ્ર અને રજત પદક મેળવનાર (૧) ભડાણીયા હસ્તી (૨) સોલંકી પલ (૩) આલ ધનેશ્રી (૪)બારિયા પરી (૫) વાળા હરપાલ (૬)રાઠોડ દેવ (૭) ધડુક હેનીલ અને કાંસ્ય પદક મેળવનાર (૧)ડાંગર માનવ (૨) ગોહિલ યુવરાજ (૩)વામજા કૃપા (૪) ડાંગર ધાર્મિક (૫) ખસીયા અનીતા (૬) નાઘેરા જીયા (૭) ડાભી તનીશકા વગેરે વિદ્યાર્થીએ મેળવેલ સિદ્ધિ જે કઠોર મહેનત, શિસ્તબદ્ધ પ્રશિક્ષણ અને આત્મવિશ્વાસના બળ પર ખેલાડીઓએ સ્પર્ધાના વિવિધ ઈવેન્ટસમાં ઉત્તમ દેખાવ કરતા સિદ્ધિઓ હાંસલ કરી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યુ. કરાટેના ખેલાડીઓએ પ્રારંભિક રાઉન્ડથી જ પોતાની શક્તિનો પરિચય આપતા સતત શ્રેષ્ઠ પ્રતિભા નોંધાવી અને ફાઈનલ સુધી સફળ સફર કરી રાજયસ્તરે સ્થાન પ્રાપ્ત કર્યુ. સંસ્થામાં શિક્ષણ સાથે રમત–ગમતને સમાન મહત્વ આપવામાં આવે છે. અનુભવી કોચ અને ટ્રેનરોના માર્ગદર્શન હેઠળ નિયમિત પ્રશિક્ષણ, આધુનિક સુવિધાઓ અને પ્રોત્સાહનના કારણે વિદ્યાર્થીઓ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરી રહ્યા છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ કરાટે ખેલાડી, કોચ ભેડા વિકુશભાઈ ને અભિનંદન પાઠવી વધુ ઊંચી સિદ્ધિઓ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.


# બાબરામાં એવરત માતાજી, જીવરત માતાજી અને દિવાસાના વ્રતની શ્રધ્ધાભેર ઉજવણી






હિન્દુ સંસ્કૃતિમાં વ્રત–ઉપવાસ અને ધાર્મિક પરંપરાઓનું વિશેષ મહત્વ રહેલું છે. ખાસ કરીને મહિલાઓ દ્વારા પરિવાર, સંતાનોના સારા આરોગ્ય, સુખ–સમૃદ્ધિ અને દીર્ઘાયુ માટે વિવિધ વ્રત–ઉપવાસ કરવામાં આવે છે. ત્યારે બાબરા શહેરમાં એવરત માતાજી, જીવરત માતાજી અનેદિવાસાના પવિત્ર વ્રતની મહિલાઓ દ્વારા ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બાબરા શહેરની ચિત્રકૂટ સોસાયટીમાં રેણુકાબેન પાઠક ભુદેવના નિવાસસ્થાને મોટી સંખ્યામાં મહિલાઓ એકત્ર થઈ હતી. મહિલાઓએ પરંપરાગત વિધિ મુજબ એવરત માતાજી, જીવરત માતાજી તથા દિવાસાના વ્રતનું પૂજન–અર્ચન કરી માતાજીને શ્રીફળ, ફૂલ સહિતની પૂજાની સામગ્રી અર્પણ કરી હતી. આ પ્રસંગે વ્રતની કથા પણ શ્રદ્ધાપૂર્વક સાંભળવામાં આવી હતી. આ વ્રતોમાં શ્રદ્ધા, સંયમ અને જાગરણનું વિશેષ મહત્વ છે. દિવાસા તથા એવરત માતાજીના વ્રતમાં એકટાણું કરી અડધી રાત સુધી જાગરણ કરવાની પરંપરા છે. જયારે જીવરત માતાજીના વ્રતમાં મોળો ખોરાક આરોગી બે દિવસ અને એક રાત સુધીનું જાગરણ કરવાની પરંપરા હોવાથી તેને લાંબા અને કઠિન વ્રત તરીકે માનવામાં આવે છે. મહિલાઓ દ્વારા આ વ્રત પૂર્ણ શ્રદ્ધા, નિયમ અને ભક્તિભાવ સાથે કરવામાં આવે છે. વ્રત દરમિયાન મહિલાઓ ભજન–કીર્તન તથા ધાર્મિક વાતાવરણમાં સમય પસાર કરી માતાજીની આરાધના કરે છે. આ પવિત્ર પરંપરા માત્ર ધાર્મિક આસ્થા પૂરતી મર્યાદિત નથી, પરંતુ પરિવારની સુખાકારી, સંતાનોના આરોગ્ય અને ઘરમાં સુખ–શાંતિ જળવાઈ રહે તેવી મંગળકામના સાથે જોડાયેલી છે. વર્ષોથીચાલી આવતી આવી ધાર્મિક પરંપરાઓ નવી પેઢીને આપણી સંસ્કૃતિ અને સંસ્કારો સાથે જોડવાનું પણ મહત્વનું કાર્ય કરે છે. બાબરામાં મહિલાઓએ ભક્તિ અને શ્રદ્ધાભેર વ્રતની ઉજવણી કરી પરિવાર અને સમાજના સુખ–સમૃદ્ધિ માટે માતાજીના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

## અમરેલીમાં ગાંધીબાગ રંગાયો દેશભક્તિના રંગે



અમરેલી ખાતે રાજયકક્ષાના સ્વાતંત્ર્યપર્વની ઉજવણી થનાર છે. જેના ભાગરૂપે સમગ્ર અમરેલી શહેરએ નવા કલેવર ધારણ કર્યા છે. જેમાં અમરેલી શહેરની મધ્યમાં આવેલ શહેરના ગાંધીબાગ પણ દેશભક્તિના રંગે રંગાયો છે. ગાંધીબાગના નવીનીકરણથી નગરજનો પરિવાર સાથે ગાંધીબાગનો વિશેષ લાભ લઈ રહ્યા છે. વહેલી સવારથી શરૂ થતા યોગાભ્યાસથી રાત્રીના મોડે સુધી લોકોનો ઘસારો જોવા મળી રહ્યો છે. ત્યારે દેશભક્તિના પાવન પર્વે અમરેલીના નગરજનો સવિશેષ ગાંધીબાગનો લાભ લઈ શકે તે માટે પ્રેમવતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સમગ્ર ગાંધીબાગને દેશભક્તિના રંગે રંગવામાં આવ્યો છે. ગાંધીબાગ પરિસરમાં દેશભક્તિને ઉજાગર કરતા વિવિધ સેલ્ફી પોઈન્ટ તૈયાર કરવામાં આવ્યા છે. સાથોસાથ મુખ્ય પ્રવેશદ્વારથી મહાત્મા ગાંધીજીની પ્રતિમા સુધીનો રંગબેરંગી લાઈટોથીતિરંગા પથ તૈયાર કરી,સમગ્ર પરિસરને ત્રિરંગા કલરથી આચ્છાદિત કરવામાં આવેલ છે, જેના લીધે રાત્રીના સમયે ગાંધીબાગનો અલગ નજારો જોવા મળે છે. આગામી તા. ૧૨ આગષ્ટ થી ૧૬ આગષ્ટ સુધી દેશભક્તિના રંગે રંગાયેલા ગાંધીબાગની મુલાકાત લેવા પ્રેમવતી ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી નગરજનોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા ચિતલ ખાતે તિરંગા યાત્રા યોજાઈ



અમરેલી, તા. ૧૨

આગામી ૮૦માં સ્વાતંત્ર દિવસ પર્વની રાજયકક્ષાની ઉજવણી અમરેલી જિલ્લામા યોજાનાર હોઈ આ ઉજવણી સપ્તાહના ભાગરૂપે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા "તિરંગા યાત્રા" ગુરૂકુથી યોજાઈ હતી અને ત્યાંથી ચિતલના જાહેર માર્ગોમાં ફરીને ગુરૂકુ વિરામ પામી જેમા વંદેમાતરમ, જય જવાન જય કિસાનના નારા સાથે દેશભકિતનો મહોલના દ્રશ્યો સર્જાયા હતા. આ રેલીમાં તાલુકા પીઆઈ ઓ.કે. જાડેજા ત્થા ડી.એસ. ઈસરાણી તેમજ પીએસઆઈ ડી.ડી. ડાંગર, પીએસઆઈ આઈ.કે. પાંડવ તેમજ તાલુકાનો ત્થા ચિતલ ઓપી નો સ્ટાફ તેમજ હોમગાર્ડ યુનીટ ચિતલના જવાનો ત્થા ચિતલ વેપારી મંડળ ત્થા લાતીબજાર એસોસીએશ સુખદેવસિંહ સરવૈયા લાલભાઈ દેસાઈ, જયંતિભાઈ દેસાઈ, રઘુવીરસિંહ સરવૈયા, કાળુભાઈ ધામી, લક્ષ્મીશંકર તેરૈયા, જે.બી. દેસાઈ, મનસુખભાઈ નાડોદા, સ્વામીનારાયણ ગુરૂકુના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો સહિતના ઉમળકાભેર જોડાઈને ચિતલમાં દેશ ભકિતનો માહોલ સર્જાયો હતો.

## ચેતક કમાન્ડોથી લઈને મરીન ટાસ્ક ફોર્સ અને ''મિશન સ્માઈલ''
# અમરેલી સ્થિત સમર્થ વ્યાયામ મંદિર (અખાડા ગ્રાઉન્ડ) ખાતે તા. ૧૩થી ૧૬ ઓગસ્ટ દરમિયાન પ્રદર્શન
### ગુજરાત પોલીસની આધુનિક કાર્યપદ્ધતિની ઝાંખીનું નિદર્શન



અમરેલી, તા. ૧૨

૮૦માં રાજયકક્ષાનાં સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણીનાં ભાગરૂપે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા તા. ૧૩ ઓગસ્ટથી ૧૬ ઓગસ્ટ,૨૦૨૬ સુધી જાહેર જનતા માટે એક વિશેષ "શસ્ત્ર પ્રદર્શન" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી સ્થિત સમર્થ વ્યાયામ મંદિર (અખાડાનું ગ્રાઉન્ડ) ખાતે યોજાનારા આ પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને સુરક્ષા દળોની આધુનિક કાર્યપ્રણાલી અને હથિયારોથી પરિચિત કરાવવાનો છે. આ પ્રદર્શન સવારે ૯ વાગ્યાથી મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે.

આ રાજયકક્ષાનાં શસ્ત્ર પ્રદર્શનનું ઉદઘાટન તા. ૧૩ ઓગસ્ટ ગુરૂવારનાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે કાયદો અને ન્યાય, ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે ભાવનગર વિભાગનાં પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારી ખાસ વિશેષ ઉપસ્થિત રહેશે. જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ પ્રશાસન દ્વારા ઉદઘાટન સમારોહને લઈને તમામ સત્તાવાર તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

આ પ્રદર્શનમાં ગુજરાત પોલીસનાં વિવિધ વિશેષવિંગ્સનાં લાઈવ સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર બનશે. જેમાં દેશની સુરક્ષામાં તૈનાત ચેતક કમાન્ડોની કામગીરી, બોમ્બ ડિટેકશન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની આપત્તિ વ્યવસ્થાપન કામગીરી તેમજ મરીન ટાસ્ક ફોર્સની તટીય સુરક્ષા કામગીરીના લાઈવ સ્ટોલ્સ રાખવામાં આવ્યા છે.
આ વિભાગો દ્વારા તેમની આધુનિક બચાવ કામગીરી અને સુરક્ષા વ્યૂહરચનાઓનું જીવંત નિદર્શન પણ કરવામાં આવશે.

આ ઉપરાંત, અમરેલી જિલ્લા પોલીસ દ્વારા લોક–સુરક્ષા અને આધુનિક સર્વેલન્સ માટે ચાલતા વિવિધ પ્રકલ્પો પ્રદર્શિત કરવામાં આવશે. જેમાં ગુમ થયેલા બાળકોને શોધતો "Mission Smile" પ્રોજેકટ, નેત્રમ (બોડી વોર્ન કેમેરા), અત્યાધુનિક ડ્રોન ટેકનોલોજી, ઈગલ આઈ પ્રોજેકટ, "અમરેલી સુરક્ષા કવચ" એપ્લિકેશન તથા મુશ્કેલીનાં સમયે મદદરૂપ થતી ડાયલ –૧૮૧ અને ૧૧૨ હેલ્પલાઈનની કામગીરીની વિસ્તૃત માહિતી આપતા સ્ટોલ પણ સમાવિષ્ટ છે. સુરક્ષા, શિસ્ત અને શૌર્યની ઝાંખી કરાવતા આ વિશેષ પ્રદર્શનને નિહાળવા માટે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા સમગ્ર જાહેર જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સાવરકુંડલા ખાતે વન–ડે કેમ્પ તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૨

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ સંલગ્ન શ્રીમતી વી. ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજના એન. એસ. એસ. (એનએસએસ) વિભાગદ્વારા તારીખ ૦૪/૦૮/૨૦૨૬ ના રોજ એક દિવસીય (વન–ડે) કેમ્પ તથા વૃક્ષારોપણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમ કોલેજના કાર્યકારી આચાર્ય ડી. એલ. ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ નયનાબેન કાપડિયા, નૂતન કેળવણી મંડળ ના ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયા તથા સંજયભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીનીઓનો ઉત્સાહ વધાર્યો હતો.કાર્યક્રમ દરમિયાન સમૂહ સફાઈ, વૃક્ષારોપણ તથા સમાજમાં સ્વચ્છતા અભિયાનનું મહત્વ વિગતવાર સમજાવવામાં આવ્યું હતું. કોલેજની વિદ્યાર્થીનીઓએ ભારે ઉત્સાહ સાથે કેમ્પસ તથા આસપાસના વિસ્તારમાં સમૂહ સફાઈ કરી હતી, જેમાં કોલેજનો સમગ્ર સ્ટાફ પરિવાર પણ જોડાયો હતો. આ કાર્યક્રમનું સુચારૂ આયોજન અને સંકલન ડો. પ્રતિમા શુકલ તથા ડો. કે. પી. વાળા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સર્વાંગ સુંદર અને સફળ બનાવવા માટે કોલેજના સમગ્ર સ્ટાફ મિત્રોનો પૂર્ણ સહયોગ સાંપડયો હતો.

## અમરેલી જિલ્લા ભાજપનાં મીડિયા અને સોશ્યલ મીડિયાનાં હોદ્દેદારોની વરણી




અમરેલી, તા.૧૨


ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી મીડિયા કન્વીનર પ્રશાંતભાઈ વાળાના માર્ગદર્શન હેઠળ તેમજ સોશિયલ મીડિયાના પ્રદેશ ઈન્ચાર્જ કલ્પેશભાઈ રથવીના માર્ગદર્શન મુજબ અમરેલી જીલ્લા ભાજપ પ્રભારી અભયસિંહ ચૌહાણ સાથે ચર્ચા વિચારણા મુજબ પ્રમુખ અતુલભાઈ કાનાણી દ્વારા સોશિયલ મીડિયાના ઈન્ચાર્જ / કન્વીનર તરીકે ધર્મેશ પ્રાગજીભાઈ વિસાવળીયા અને સહ ઈન્ચાર્જ તરીકે અનિરૂદ્ધ ભગુભાઈ બોરીચા તથા મહેશ ભીખાભાઈ મારૂ મીડિયા વિભાગના સહ ઈન્ચાર્જ તરીકે હિરેન કનુભાઈ ચાવડા તથા હિરેન ગુલાબસિંહ યાદવની નિમણુંક કરવામાં આવેલ છે તેમ જીલ્લા ભાજપના મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ જણાવ્યું

## દામનગર : ભગવાન શિવને સમર્પિત કાવડ યાત્રા યોજાશે

દામનગર, તા. ૧૨

એક પૌરાણિક માન્યતા મુજબ કાવડ યાત્રા એ ભગવાન શિવની વિશેષ પૂજા વિધિ છે. બ્રાહ્મણો અને શિવ ભક્તો જે કાવડ લઈને નીકળે છે તેને કાવડિયા કહેવામાં આવે છે. આગામી તા.૧૬–૦૮–૨૦૨૬ ને રવિવાર ના દિવસે સપ્તરૂષી ગ્રૂપ અને સમસ્ત બ્રહ્મસમાજ દામનગર દ્વારા આયોજીત આ કાવડ યાત્રા શ્રી કુંભનાથ મહાદેવ મંદિરે થી સવારનાં ૮.૩૦ કલાકેપ્રારંભ થઈ જયોતિર્લિંગ સમાન પીપળેશ્વર મહાદેવ–રંખલેશ્વર મહાદેવ–બ્રહ્મક્ષત્રિય મહાદેવ ગંગેશ્વર મહાદેવ (લુહાર શેરી), નિલકંઠ મહાદેવ (ખોડીયાર ચોક પાસેની પ્રાથમિક શાળાના પરિસરમાં), પંચનાથ મહાદેવ (બ્રહ્મ સમાજનિ વાડી),નાનેશ્વર મહાદેવ (એસબીઆઈ પાસે ), ભગીરથ મહાદેવ ( ભૂરખીયા રોડ ), સુખનાથ મહાદેવ (વાડી વિસ્તાર ), પૂર્ણશ્વર મહાદેવ ( મારૂતિ સોસાયટી ), અને વૈજનાથ મહાદેવ મંદિરે ૧૨ વાગે મહા અભિષેક અને મહા આરતિ થશે અને ત્યારબાદ ફરાળનું આયોજન કરેલ છે. આ કાવડ યાત્રા માટે પૂર જોશથી તડામાર તૈયારી શરૂ કરી દેવાઈ છે.

# અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં પ્રિ-ઈન્ડિપેન્ડન્સડેની રંગારંગ ઉજવણી




અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ, અમરેલી ખાતે તા. ૫/૮/૨૦૨૬થી ૧૦/૮/૨૦૨૬ દરમિયાન પ્રિ–ઈન્ડિપેન્ડન્સડે સેલિબ્રેશનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીનાં પૂર્વ આયોજન રૂપે કોલેજ ખાતે વિવિધ જ્ઞાનપ્રદ, સર્જનાત્મક અને સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ– ઈન્ડિપેન્ડન્સડે અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા, કિવઝ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. કોલેજની વિદ્યાર્થીની બહેનોએ તમામ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લઈ પોતાની પ્રતિભા અને રાર્જનાત્મકતાનું સુંદર પ્રદર્શન કર્યુહતું. વકતૃત્વ અને નિબંધ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ રાષ્ટ્રનિર્માણ, વિકસિત ભારત, આત્મનિર્ભર ભારત, યુવાનોની ભૂમિકા તથા દેશ પ્રત્યેની જવાબદારી જેવા વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. ચિત્ર અને રંગોળી સ્પર્ધામાં દેશપ્રેમ, રાષ્ટ્રીય એકતા, પર્યાવરણ સંરક્ષણ અને ભારતની વિવિધતામાં એકતા જેવા વિષયોને કલાત્મક અભિવ્યક્તિ આપવામાં આવી હતી, જયારે કિવઝસ્પર્ધા દ્વારા વિદ્યાર્થીનીઓના સામાન્ય જ્ઞાન તથા રાષ્ટ્રીય બાબતો અંગેના જ્ઞાનને ચકાસવામાં આવ્યું હતું. આ વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી વિદ્યાર્થીનીઓએ પોતાની અંદર રહેલી સર્જનાત્મકતા, કલાત્મકતા, જ્ઞાન, વકતૃત્વકૌશલ્ય અને આત્મવિશ્વાસને ઉજાગર કર્યો હતો. સાથે સાથે વિવિધ વિષયોની રજૂઆત દ્વારા વિદ્યાર્થીનીઓએ દેશ પ્રત્યેની પોતાની રાષ્ટ્રભાવનાં અને જવાબદારીની લાગણીપણ વ્યક્ત કરી હતી. વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિજેતા વિદ્યાર્થીની બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. વિજેતાઓના સન્માનથી અન્ય વિદ્યાર્થીનીઓમાં પણ ઉત્સાહ અને નવી ઊર્જાનો સંચાર થયો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વિલાસબહેન સોરઠીયાનાં માર્ગદર્શન હેઠળ એનએસએસ પ્રોગ્રામ આફિસર ડો. નિરૂપા ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. તમામ સ્પર્ધાઓમાં કોલેજનાં અધ્યાપકોએ નિર્ણાયક તરીકે પોતાની ફરજ નિભાવી હતી અને સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો. આ સમગ્ર પ્રિ–ઈન્ડિપેન્ડન્સડે ઉજવણી વિદ્યાર્થીનીઓમાં રાષ્ટ્રપ્રેમ, દેશ પ્રત્યેની જવાબદારી, સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રીય એકતાની ભાવનાં વિકસાવવામાં મહત્વપૂર્ણ બની રહી હતી. કોલેજ દ્વારા આયોજિત આ સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીનીઓ માટે પ્રતિભા પ્રદર્શન સાથે રાષ્ટ્રભાવનાનાસંવર્ધનનું સુંદર માધ્યમ બન્યો હતો.




## જંગલ છોડી સરકારી તિજોરી કચેરીમાં અજગરનો પ્રવેશ

# ધારીની પેટા તિજોરી કચેરીમાં અજગર ઘુસતા વ્યાપક ફફડાટ ફેલાયો

### સેવાભાવી રમેશ કાતરીયાએ રેસ્ક્યૂ કરી આંબરડી નજીક જંગલમાં છોડયો



અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લાનાં ધારી ગામે આજે ચકચાર મચાવતી ઘટના સામે આવી હતી. ધારીમાં પ્રાંત કલેકટર કચેરી અને મામલતદાર કચેરીની બાજુમાં આવેલી સરકારી પેટા તિજોરી કચેરીમાં અચાનક અજગર ઘૂસી આવતાં કચેરીમાં હાજર લોકોમાં ફફડાટ ફેલાયો હતો.

મળતી માહિતી મુજબ જંગલ વિસ્તાર છોડીને અજગર સરકારી કચેરીનાં પરિસરમાં આવી પહોંચ્યો હતો. કચેરીમાં અજગર દેખાતા આસપાસનાં લોકોમાં પણ ભારે કુતૂહલ સાથે ભયનો માહોલ સર્જાયો હતો. અજગરને જોવા માટે લોકોનાં ટોળેટોળાં એકઠાં થઈ ગયાં હતાં.


આ ઘટનાની જાણ થતાં ધારીનાં સેવાભાવી રમેશ કાતરીયા સ્થળ પર પહોંચ્યા હતા અને ચપળતા પૂર્વક અજગરનું રેસ્કયૂ કર્યું હતું. સફળતાપૂર્વક પકડાયેલા અજગરને સલામત રીતે આંબરડી સફારી પાર્ક નજીક આવેલા જંગલ વિસ્તારમાં લઈ જઈ મુક્ત કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ અગાઉ બગસરા પંથકમાં પણ અજગર દેખાયા હતા. અમરેલી જિલ્લામાં જંગલ વિસ્તારની આસપાસ આવેલા રહેણાંક અને કચેરી વિસ્તારોમાં અવારનવાર વન્યજીવો દેખા દેતા હોય છે. ધારીની સરકારી કચેરીમાં અજગર ઘૂસી આવવાની ઘટનાએ ફરી એકવાર વન્યજીવોનાં રહેણાંક વિસ્તારો તરફ વધતા આંટાફેરા તરફ ધ્યાન દોર્યું છે.

## માર્ગ–મકાન વિભાગ દ્વારા નિયમોનો ખુલ્લેઆમ ઉલાળીયો

# આલે લે : અમરેલીમાં રાતોરાત પેવર માર્ગ બન્યો ને ગણતરીની કલાકોમાં ગાબડા પડવાનું શરૂ

### મુખ્યમંત્રીનાં આગમનને લઈને મનફાવે તેવી ગતિએ માર્ગો બની રહ્યા છે



અમરેલી, તા. ૧૨

અમરેલીમાં ૨ દિવસ બાદ મુખ્યમંત્રીનું આગમન થવાનું હોય માર્ગ–મકાન વિભાગ ધ્વારા યુધ્ધનાં ધોરણે માર્ગની બનાવટ અને મરામત કરવામાં આવી રહી છે. જેમાં જનતાનાં પરસેવાનાં પૈસાનો ખુલ્લેઆમ દુરૂપયોગ થતો જોવા મળી રહ્યો છે.

શહેરનાં વરસડા માર્ગ ઉપર પાંચ દિવસ પહેલા ડામર માર્ગ ઉપર ડામર રોડ બનાવાયો અને સામાન્ય વરસાદ પડતાં તે ડામર રોડ પર ખાડા પડી જતાં શહેરીજનોમાં રોષનો માહોલ ઉભો થયો છે.

શહેરનાં ચિતલ રોડ, વરસડા રોડ સિમેન્ટથી બનાવવાની મુદત પૂર્ણ થઈ ત્યાં સુધી ન બનાવાયો અને હવે, મુખ્યમંત્રીનું આગમન થવાનું હોય રાઉન્ડ ધ કલોક અને તે પણ વરસતા વરસાદમાં પણ કયાંય સિમેન્ટ તો કયાંક ડામર રોડ બનાવવામાં આવી રહ્યો છે. જેમાં નિયમોને નેવે મુકીને થતી કામગીરીથી જનતાનાં પરસેવાનાં પૈસાનો બગાડ થઈ રહ્યો હોવાનું સૌ ચર્ચા કરી રહ્યું છે.

## ''લીફ્ટ કરા દે'' ગીત સાથે ટુ વ્હીલર ફોર ટુ અભિયાન યુવાનોમાં વાયરલ

# ડો. કાનાબાર જનતાની સમસ્યાઓને તટસ્થાપૂર્વક ઉજાગર કરવાની સાથે સામાજીક અભિયાનો અને સેવા કાર્યો કરી સમાજને પ્રેરણા પુરી પાડે છે

### અમરેલીનાં રોડ રસ્તાનો પ્રશ્ન હોય કે જિલ્લામાં થતી રેતી ચોરીની સમસ્યા હોય, સમયાંતરે લોકોની તકલીફો માટે નિષ્પક્ષ રીતે હિંમતભેર અવાજ ઉઠાવ્યો છે



અમરેલી, તા. ૧૨

અમરેલીમાં ગુજરાત સરકાર દ્વારા, રાજય કક્ષાનાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી થઈ રહી છે. એ નિમિતે બે દિવસ સુધી મુખ્યમંત્રીનાં ભરચક કાર્યક્રમો વચ્ચે અનુકંપા ફાઉન્ડેશન દ્વારા શરૂ કરાય રહેલ "ટુ વ્હીલર ફોર ટુ" અભિયાન સમાજનાં વિવિધ સ્તરે ઝડપથી પ્રસરી રહયું છે.

બાઈક કે સ્કુટર પર એકલી જતી વ્યકિત રસ્તા પર ચાલતાં વ્યકિતને લીફટ ઓફર કરે કે રસ્તાપરની વ્યકિત સ્કુટર ચાલક પાસે લીફટ માંગે એ બન્ને ઘટનાઓ સમાજમાં ખુબજ સ્વાભાવિક અને સ્વીકૃત ઘટના તરીકે સ્વીકારાયએ પ્રકારનું વાતાવરણ ઉભું કરવા અનુકંપા ફાઉન્ડેશનનાં પ્રણેતા ડો. ભરત કાનાબાર દ્વારા ટુ વ્હીલર ફોર ટુનો તદ્દન નવો વિચાર અપાયો છે. એક સામાન્ય લાગતો આ વિચાર ઝડપભેર સમાજમાં વાયરલ થઈ રહયો છે, જેને Gen Z દ્વારા અદનામ સામીના ખુબજ લોકપ્રિય ગીત "લીફટ કરા દે" સાથે જોડી ઈન્ટાગ્રામ અને વોટસએપમાં મેસેજો ફરતા કરવામાં આવી રહયા છે.

ભુતકાળમાં ૨૦૦૮માં ગુજરાત સ્થાપના દિન નિમિતે તે સમયનાં મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ડો. ભરત કાનાબારે, સાયકલીંગને પ્રમોટ કરવા "સન્ડે ઓન સાયકલ" અભિયાન શરૂ કરેલ. જે સમય જતાં આજે સમગ્ર દેશમાં પ્રચલિત થઈ ચુકયુ છે.

નવા સામાજીક પ્રકલ્પો હોય કે, લોકોને પીડા આપતી સમસ્યાઓ હોય ડો. ભરત કાનાબારે નિર્ભયતાથી તેને માટે અવાજ ઉઠાવ્યો છે.


ભુતકાળમાં એક સમયે શહેરનાં રસ્તાઓ તદ્દન બિસ્માર થઈ ગયા હતા. તુટી ગયેલા રસ્તાઓ પરથી ઉડતી ધૂળને કારણે સમગ્ર શહેરમાં ધુળિયું વાતાવરણ રહેતું અને રસ્તા પરની દુકાનોએ તેમની વસ્તુઓ ધુળથી બચાવવા પ્લાસ્ટીકના પડદા રાખવા પડતા હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

## એડવોકેટ હરનીલ ત્રિવેદીની દલીલો સફળ રહી

# અમરેલી : ઉંમર અંગેનું ખોટુ સર્ટીફિકેટ આપવાનાં ગુન્હામાં ડોકટરને ડીસ્ચાર્જ કરી દેવાયા

### એડીશ્નલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા ડોક્ટરની રીવીઝન મંજુર



અમરેલી, તા. ૧૨

આ કામના આરોપી ડો.દયાળભાઈ ગોવિંદજીભાઈ પટેલ વિરૂધ્ધ અમરેલી તાલુકા પોલીસ મથકમાં ગુન્હા રજી. નં. ૩૬/૧૩ થી આઈ.પી.સી. કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબનો ગુન્હો નોંધાયેલો હતો. જે ગુન્હાના કામે કુલ પાંચ આરોપીઓને અને ફરીયાદની વિગત મુજબ આરોપી નં. ૧ નાએ જેની સાથે લગ્ન કરેલ તે પરિવારની જાણ બહાર કરેલ હતા અને ત્યારબાદ આ ફરીયાદના આરોપી નં.૩ તથા ૪ તથા ૬ ના વિગતનાઓએ ખોટા સર્ટીફીકેટ બનાવી અને ખોટુ મેડીકલ સર્ટીફીકેટમાં ઉંમરનો ખોટો આધાર લગ્ન રજીસ્ટ્રેશનના હેતુ માટે ઉભો કરેલ હતો. તે હકીકત ફરીયાદીના ધ્યાને આવતા તેઓએ આ કામના પાંચેય આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલ હતી અને ઉપરોકત ફરીયાદના કામે પોલીસે સઘન તપાસ કર્યા બાદ ચાર્જશીટ કરેલ હતું.

ઉપરોકત ચાર્જશીટમાં હાલના અરજદાર ડો. દયાળભાઈ ગોવિંદજીભાઈ પટેલે યુવતીની ઉંમર અંગે ખોટુ સર્ટીફીકેટ આપેલ હતું અને જે ખોટા સર્ટીફીકેટના આધારે યુવતીએ પોતાની ઉંમર પુરી થયેલ ન હોવા છતાં આ સર્ટીફીકેટના આધારે આ કામના આરોપી નં. ૧ સાથે લગ્ન કરેલ હતા. તે બાબતે ચાર્જશીટ થયેલ હતું અને ત્યારબાદ આ કામના અરજદાર ડોકટરએ તેમના એડવોકેટ મારફતે નામદાર જયુડી. મેજી. સાહેબની કોર્ટ સમક્ષ ફો.કે.નં. ૭૨૨/૨૦૧૪ના કામે ડીસ્ચાર્જ અરજી આપેલ હતી. જે નામદાર કોર્ટે નામંજુર કરેલ હતી. તેનાથી નારાજ થઈને ડોકટરએ તેમના એડવોકેર હરનીલ ત્રિવેદી મારફતે ડીસ્ટ્રીકટ કોર્ટમાં રીવીઝન અરજ દાખલ કરેલ હતી.

આ રીવીઝન અરજીના કામે તેમણે મહત્વના ટેકનીકલ મુદાઓની છણાવટ તેમની દલીલ કરેલ હતી. જેમાં મેડીકલ સર્ટીફિકેટનો શબ્દ પ્રયોગ તથા સર્ટીફિકેટમાં જણાવવામાં આવેલી વિગતોને ધ્યાને લેવામાં આવે તો તે સંદર્ભે મેડીકલ જયુરીસપ્રુડનસની વિગતો સાથે વંચાણે લેવામાં આવે તો ફરીયાદની વિગતો આરોપી ડોકટરએ કોઈ ગુન્હો પ્રથમ

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)